પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૪૯, કુલ પાના:૪, તારીખ: ૧૯-૧૦-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 49 PRICE :-RS. 1.50 DATE : 19-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રણજીત હત્યાકાંડના ચુકાદામાં પાંચ દોષિતોને આજીવન કેદની સજા : અન્ય ચાર દોષિતોને ૫૦ હજારનો દંડ

# રામ રહીમને આજીવન કેદની સજા સાથે ૩૧ લાખનો દંડ ફટકાર્યો



પંચકૂલા,

ડેરાની બે સાધ્વિઓના જાતીય શોષણ મામલામાં ૨૮ ઓગસ્ટ ૨૦૧૭એ ડેરા પ્રમુખ રામ રહીમને ૨૦ વર્ષની સજા આપવામાં આવી હતી. ત્યારે પંચકૂલામાં CBI કોર્ટ દ્વારા ડેરામુખીને દોષી સાબિત કર્યા બાદ પંજાબ-હરિયાણા અને રાજસ્થાન સહિત ૫ રાજ્યોમાં ડેરાના અનુયાયી હિંસા પર ઉતરી આવ્યા હતા, જેમાં ૩૧ લોકોના મોત થયા હતા અને ૨૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દિલ્હીમાં ટ્રેનના બે ખાલી ડબ્બા બાળી નાખવામાં આવ્યાં હતાં. પંચકૂલામાં ડેરાના દોઢ લાખ અનુયાયી ૩ કલાક સુધી હિંસા કરતા રહ્યા. પંચકૂલા સિવાય પંજાબના પટિયાલા, ફાજિલ્કા, ફિરોઝપુર, માનસા અને બઠિંડામાં કર્ફ્યુ લાદવામાં આવ્યું હતું. યૂપીના લોનીમાં પણ હિંસા ફાટી નીકળી. આ હિંસાથી નાખુશ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે નુકસાનની ભરપાઈ માટે ડેરાની સંપત્તિ જપ્ત કરવાનું કહ્યું. તે કેસમાં જ્યારે ન્યાયાધીશ જગદીપ સિંહે ડેરામુખીને દોષી ગણાવ્યો ત્યારે તે રડી પડ્યો. તેને પંચકૂલાથી હેલિકોપ્ટર મારફતે સીધા રોહતકની સુનારિયા જેલ લઈ જવામાં આવ્યો હતો. ત્યારથી ડેરામુખી રોહતક જેલમાં જ કેદ છે.રણજીત સિંહ હત્યાકાંડમાં કોર્ટે ડેરા સચ્ચ સોદાના પ્રમુખ રામ રહીમ સહિત ૫ અન્ય દોષિતોને ઉંમર કેદની સજા સંભળાવી હતી. આ કેસમાં રામ રહિમ સિવાય બાકીના દોષિતોના નામ જસબીર, અવતાર, કૃષ્ણ લાલ અને સબદિલ છે. પંચકૂલા CBI જજ સુશીલ ગર્ગે રામ રહીમને ૩૧ લાખ રૂપિયાન દંડ ફટકાર્યો છે. જ્યારે બાકીના ચાર દોષિતોને ૫૦-૫૦ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. રામ રહીમને આ પહેલા પત્રકાર રામચંદ્ર છત્રપતિ હત્યાકાંડમાં પણ આજીવન કેદની સજા થઈ ચૂકી છે. આ સિવાય બે સાધ્વીઓના યૌન શોષણ મામલામાં પણ રામ રહીમને ૧૦-૧૦ વર્ષની સજા થઈ છે. કોર્ટનો ચુકાદો આવ્યા પછી સીબીઆઈ વકીલ એચપીએસ વર્માએ સ્પષ્ટતા કરતા કહ્યું કે રામ રહી આજીવન જેલમાં જ રહેશે. તેમણે જણાવ્યું કે રણજીત સિંહ હત્યાકાંડમાં જે સજા સંભળાવવામાં આવી છે, તે પહેલા સંભળાવવામાં આવેલી સજાની સાથે જ ચાલશે. બીજી તરફ ચુકાદો આવ્યા પછી રણજીત સિંહના પુત્ર જગસીરે કોર્ટના ચુકાદા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટનો ચુકાદો આવ્યા પછી સીબીઆઈ વકીલ એચપીએસ વર્માએ સ્પષ્ટતા કરતા કહ્યું કે રામ રહી આજીવન જેલમાં જ રહેશે. તેમણે જણાવ્યું કે રણજીત સિંહ હત્યાકાંડમાં જે સજા સંભળાવવામાં આવી છે, તે પહેલા સંભળાવવામાં આવેલી સજાની સાથે જ ચાલશે. બીજી તરફ ચુકાદો આવ્યા પછી રણજીત સિંહના પુત્ર જગસીરે કોર્ટના ચુકાદા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. ૧૦ જુલાઈ ૨૦૦૨ના રોજ ડેરા સચ્ચા સોદાની મેનજમેન્ટ કમિટીના મેમ્બર કુરક્ષેત્રના રણજીત સિંહની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ડેરા મેનેજમેન્ટને શક હતો કે રણજીત સિંહએ સાધ્વી યૌન શોષણ મામલામાં પોતાની બહેન પાસે અનામી પત્ર લખાવ્યો. પોલીસ તપાસથી અસંતુષ્ટ રણજીત સિંહના પિતાએ જાન્યુઆરી ૨૦૦૩માં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અરજી કરીને પોતાના પુત્રની હત્યાની તપાસ CBI પાસે કરાવવાની માંગ કરી હતી. આ અરજીને કોર્ટ ગ્રાહ્ય રાખી હતી. સીબીઆઈએ આ મામલામાં ડેરામુખી રામ રહીમ સહિત ૫ લોકોની વિરુદ્ધ કેસ નોંધાવ્યો. ૨૦૦૭માં CBIની સ્પેશિયલ કોર્ટે આરોપીઓ પર ચાર્જ ફ્રેમ કર્યો અને ૮ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ તેને દોષિત ઠેરવ્યા હતા. રણજીત સિંહ હત્યાકાંડમાં ૩ સાક્ષીની જુબાની મહત્વપૂર્ણ રહી. તેમાંથી બે સાક્ષી સુખદેવ સિંહ અને જોગિન્દ્ર સિંહે કોર્ટને જણાવ્યું કે તેમણે આરોપીઓને રણજીત સિંહ પર ગોળી મારતા જોયા. ત્રીજો સાક્ષી ડેરામુખીનો ડ્રાઈવર ખટ્ટા સિંહ રહ્યો. ખટ્ટા સિંહ પ્રમાણે, તેના સામે જ રણજીત સિંહને મારી નાખવાનું ષડયંત્ર રચવામાં આવ્યું. ખટ્ટા સિંહે પોતાના નિવેદનમાં જણાવ્યું કે રામ રહીમે મારી સામે જ રણજીત સિંહને મારવાનું કહ્યું હતું. કેસની શરુઆતી સુનાવણી સમયે ખટ્ટા સિંહ કોર્ટમાં આ નિવેદનથી ફરી ગયો હતો, પરંતુ ઘણા વર્ષો પછી તે ફરી કોર્ટમાં હાજર થયો અને જુબાની આપી. તેની જુબાનીના આધારે જ પાંચને દોષી સાબિત કરવામાં આવ્યાં.

## ઉત્તર ગુજરાતમાં ૬ ડેમોમાં પાણીની આવક છતાં ઉનાળામાં પાણીની અછત વર્તાય તેવી સંભાવના

મહેસાણા,

ઉત્તર ગુજરાતના જિલ્લામાં સરેરાશ ૨૨.૪૦ ઈંચ વરસાદ સાથે ચોમાસાએ વિદાય લીધી છે. ૨૨.૬૪% વરસાદની ઘટ સાથે છેલ્લા ૩૪ વર્ષમાં ૧૨મું સૌથી નબળુ ચોમાસુ રહ્યું છે. સૌથી ઓછો ૫.૫૬ ઈંચ વરસાદ ૧૯૮૭માં, જ્યારે સૌથી વધુ ૫૬.૮૪ ઈંચ વરસાદ ૨૦૦૬માં નોંધાયો હતો. ચાલુ ચોમાસામાં ૭ વ્યક્તિ અને ૨૪ પશુનાં મોત થયાં છે. જેમાં ૭ પૈકી ૬ વ્યક્તિના મોત વીજળી પડતાં થયાં છે. વર્ષ ૨૦૨૦માં ૭ પૈકી ૨ માનવમૃત્યુ અને ૨૫ પૈકી ૧૯ પશુનાં મોત વીજળી પડવાથી થયા હતા. ૧૦ વર્ષમાં સૌથી વધુ ૧૨ માનવ મૃત્યુ ૨૦૧૩ના ચોમાસામાં, જ્યારે ૨૦૧૫ના ચોમાસામાં સૌથી વધુ ૧૨૦૦ પશુનાં મોત થયા હતા.ઉત્તર ગુજરાતમાંથી ચોમાસુ વિદાય લીધાને એકાદ સપ્તાહ થઇ ગયું છે. છતાં ૧૫માંથી ૬ ડેમોમાં હજુ પાણીની આવક ચાલુ રહી છે. ૧૬ ઓક્ટોબરની સ્થિતિએ ચાલુ સાલે કુલ ક્ષમતાના ૩૬.૮૧% જળસંગ્રહ થયું છે. જે ગત વર્ષે ૮૧.૮૫% જળસંગ્રહ થયું હતું. આમ, ગત વર્ષ કરતાં ચાલુ સાલે ૪૫.૦૪% ઓછું જળસંગ્રહ થયું છે. જોકે, ૬ ડેમમાં હજુ પાણીની આવક ચાલુ હોઈ જળ સંગ્રહમાં થોડો વધારો થઈ શકે છે. ઉત્તર ગુજરાતના ધરોઈ, દાંતીવાડા, લાંક, જવાનપુરા, મેશ્વો અને ગોરઠીયા ડેમમાં પાણીની આવક હજુ ચાલુ છે. આ સાથે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોની કુલ ક્ષમતાના ૩૬.૮૧%સાથે ૭૧,૦૧૯ કરોડ લિટર જળસંગ્રહ થયું છે. નિષ્ણાતના મતે, હજુ દસેક દિવસ ૬ ડેમમાં પાણીની આવક ચાલુ રહેવાની શક્યતા હોઈ થોડું ઘણું જળસંગ્રહ વધી શકે છે. બીજી બાજુ, ગત વર્ષે ૮૧.૮૫% સાથે ૧,૫૭,૯૦૪ કરોડ લિટર જળસંગ્રહ થયું હતું. આ વર્ષે ૧૬ ઓક્ટોબરની સ્થિતિએ ગત વર્ષ કરતાં ૮૬,૮૮૫ કરોડ લિટર (૪૫.૦૪%) ઓછું જળસંગ્રહ થયું છે. એક્સપર્ટના મત મુજબ, ૧૫ પૈકી માત્ર ૪ જળાશય એવા છે કે, જેમાં ૭૬%થી વધુ જળસંગ્રહ, ૩ જળાશયમાં ૫૧% થી માંડી ૭૫% સુધીનું જળસંગ્રહ થયું છે. જ્યારે ૮ જળાશય એવા છે કે જેમાં ૫૦%થી ઓછું જળસંગ્રહ થયું છે. ઓછા પાણીના આ જથ્થાથી શિયાળાની ઋતુ પૂરી થવા સુધીમાં ૫ ડેમમાં વપરાશલાયક પાણીનો જથ્થો પૂરો થઈ જશે. ઉનાળો શરૂ થતાંની સાથે પાણીની ખેંચ વર્તાશે.

## ચીનનો આર્થિક વિકાસ દર આ વર્ષે કકડભૂસ થઈ ૪.૯ થયો

નવી દિલ્હી,

કોરોના મહામારી વચ્ચે ચીનમાં પ્રોપર્ટી બબલની પણ ચર્ચા થઈ રહી છે. ચાઈના એવરગ્રાન્ડ ગ્રુપ પર ૩૦૦ અબજ ડોલરનું ભારે દેવું છે. આ કંપની નાદારીના આરે છે. જો આવું થશે તો તેની પ્રોપર્ટી માર્કેટ તેમજ બેંકિંગ સેક્ટર પર ખરાબ અસર પડશે. વૈશ્વિક અર્થતંત્ર પર ચીનમાં આ ઘટનાની અસર સ્પષ્ટ દેખાશે. ઓક્ટોબરના પહેલા પખવાડિયામાં દેશમાં વીજ વપરાશ ૩.૩૫ ટકા વધીને ૫૭.૨૨ અબજ યુનિટ થયો છે. આ માહિતી પાવર મંત્રાલયના ડેટામાં મળી છે. આ આંકડા દર્શાવે છે કે કોલસાની અછત વચ્ચે દેશમાં વીજળીની માંગ સુધરી રહી છે.ડેટા અનુસાર ગયા વર્ષે ૧ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વીજ વપરાશ ૫૫.૩૬ અબજ યુનિટ હતો. દેશના



પાવર પ્લાન્ટમાં કોલસાની કટોકટી વચ્ચે ૧૫ ઓક્ટોબરના વ્યસ્ત કલાકોમાં વીજળીની અછત ઘટીને ૯૮૬ મેગાવોટ થઈ ગઈ હતી. ૭ ઓક્ટોબરે વીજળીની અછત ૧૧,૬૨૬ મેગાવોટ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૭ ઓક્ટોબરે ૧૧,૬૨૬ મેગાવોટનો ઘટાડો આ મહિનાના પ્રથમ પખવાડિયામાં સૌથી વધુ આંકડો છચાલબાઝ ચીન અવનવા હથકંડા અપનાવી પાડોશી દેશોને પરેશાન કરે છે અને કારોબારી કબ્જો જમાવી રાખવા પ્રયાસ કરે છે. હાલના સમયમાં ચીન તેના ઘરેલુ મોરચે પરાસ્ત થયું છે. ચીનનો વિકાસ ચિંતાજનક સ્તરે તૂટ્યો છે જેની અસર તેની અર્થવ્યવસ્થા ઉપર ગંભીર સ્તરે જોવા મળશે. વીજ સંકટ, સપ્લાય ચેઈનમાં નબળાઈ અને કોરોનાની નવી લહેરે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ચીની અર્થવ્યવસ્થાને ભારે ફટકો માર્યો છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ચીનનો આર્થિક વિકાસ દર માત્ર ૪.૯ ટકા હતો. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં વિકાસ દર ૭.૯ ટકા હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વૃદ્ધિ દર સપ્ટેમ્બર ૨૦૨૦ પછી સૌથી નીચો રહ્યો છે. વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ચીનની અર્થવ્યવસ્થામાં ૧૮.૩૦ ટકાનો વધારો થયો હતો. રોઈટર્સના એક સર્વેમાં અનુમાન કરવામાં આવ્યું હતું કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ચીનનો વિકાસ દર ૫.૨ ટકા રહેશે. ચીન વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ચોક્કસપણે સુધારો છે પરંતુ પાવર કટોકટી સહિત અન્ય ઘણા પરિબળોને કારણે વૃદ્ધિની ગતિ સતત નબળી પડી રહી છે. રોઈટર્સનો અંદાજ છે કે પીપલ્સ બેંક ઓફ ચાઈના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં રિઝર્વ રીકયોરમેન્ટ રેશિયો (RRR) બદલશે નહીં. એક અંદાજ મુજબ ત્યાંની કેન્દ્રીય બેંક જાન્યુઆરી-માર્ચ ૨૦૨૨ ક્વાર્ટરમાં ઈઈઈ માં ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. અર્થતંત્રની બીજી બાજુની વાત કરીએ તો સપ્ટેમ્બરમાં ચીનનું ઔદ્યોગિક ઉત્પાદન ૩.૧ ટકાના વાર્ષિક દરે વધ્યું હતું. તે અપેક્ષા કરતા નબળી હતી. ઓગસ્ટમાં ઔદ્યોગિક ઉત્પાદન ૫.૩ ટકા હતું. ઓગસ્ટમાં છૂટક વેચાણ ૪.૪ ટકા વધીને માત્ર ૨.૫ ટકા થયું છે.

## શું હાર્દિક પટેલ ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ બનશે ?



ગાંધીનગર,

ગુજરાતમાં ભાજપે વિધાનસભા ચૂંટણી લડવા તૈયારીઓ શરૂ કરી દીધી છે, જોકે, હજુ સુધી કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ ઉપરાંત વિધાનસભાના વિપક્ષના નેતાના ય ઠેકાણા નથી. ડૉ. રઘુ શર્માએ વર્કિંગ કમિટીની બેઠક બાદ હાઈકમાન્ડને ધારાસભ્યોએ આપેલા અભિપ્રાય સાથે એક રિપોર્ટ સોપ્યો હતો. હવે હાઈકમાન્ડ ગુજરાત કોંગ્રેસના નવા સુકાની કોને બનાવવા તે અંગે આખરી નિર્ણય લેશે.ગુજરાતમાં કોંગ્રેસને ફરી બેઠી કરવા માટે હાઈકમાન્ડે વિચારણા હાથ ધરી છે. દિલ્હીમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખની નિમણૂંકની પ્રભારી ડૉ. રઘુ શર્માએ હાઈકમાન્ડ સાથે ચર્ચા કરી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પદે જો સીનિયર નેતાની પસંદગી કરવામાં આવે તો શક્તિસિંહ ગોહિલનું નામ ટોપ પર છે. જ્યારે નવા યુવા ચહેરાને તક અપાશે તો હાર્દિક પટેલને પ્રદેશ પ્રમુખ બનાવાય તેવી સંભાવના છે.

## ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાના ફોર્મ દિવાળી વેકેશન બાદ ભરાશે

ગાંધીનગર,

ઘણા વિદ્યાર્થીઓ સ્કૂલે જતા નથી અને ઘરેથી ઓનલાઈન ભણી રહ્યાં છે. ઉપરાંત કોરોનાને લીધે આ વર્ષે સપ્ટેમ્બર અંત સુધી પ્રવેશ થયા છે.આવતીકાલે ૧૮મીથી પ્રથમ સત્ર પરીક્ષાઓ ધો. ૯થી૧૨માં શરૃ થનાર છે. જેથી પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની ચોક્કસ સંખ્યા પણ સ્કૂલો અને બોર્ડ પાસે આવી જશે. મહત્વનું છે કે ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાનો કોર્સ નહીં ઘટાડવામાં આવે અને પુરા કોર્સ પ્રમાણે જ બોર્ડ પરીક્ષા લેવાશે ગુજરાત શિક્ષણ બોર્ડની ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા આ વર્ષે માર્ચમાં જ લેવાની છે બોર્ડ પરીક્ષાના ફોર્મ દિવાળી વેકેશન બાદ ભરવાની શરૂઆત કરવામાં આવશે. હાલમાં સ્કૂલોમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે શિક્ષણ ચાલી રહ્યું છે. ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાના ફોર્મ દિવાળી વેકેશન બાદ ભરાશે. ૨૦૨૨માં લેવાનારી ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા સમયસર માર્ચમાં જ લેવામાં આવનાર છે. પરંતુ બોર્ડ પરીક્ષાના ફોર્મ દિવાળી વેકેશન બાદ જ ભરાશે અને લગભગ ૧૫ નવેમ્બર પછી ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાના ફોર્મ દિવાળી વેકેશન બાદ ભરાશે ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષા માટે દર વર્ષે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબરમાં ફોર્મ ભરાવાના શરૃ થઈ જતા હોય છે અને એક મહિના સુધી નિયત મુદત સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલે છે ત્યાર બાદ લેઈટ ફી વગર અને લેઈટ ફી સાથે મુદત વધારાતા ડિસેમ્બર અંત સુધી ફોર્મ ભરાતા હોય છે. ધો.૧૦-૧૨માં ૧૭થી ૧૮ લાખ રેગ્યુલર-રીપિટર સહિતના વિદ્યાર્થીઓના દર વર્ષે ફોર્મ ભરાય છે. કોરોનાને લીધે માર્ચ ૨૦૨૧ની બોર્ડ પરીક્ષાઓ મેમાં પણ ન લેવાતા અંતે બોર્ડ પરીક્ષાઓ રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે રદ થતા માસ પ્રમોશન આપી દેવાયું હતું.

## ઉત્તરાખંડમાં રેડ એલટ : ચારધામ યાત્રા રોકવામાં આવી

નવી દિલ્હી,

કેદારનાથ અને બદ્રીનાથ યાત્રા પર રોક લગાવી દીધી છે. તમામ યાત્રીઓને પાછા મોકલવામાં આવી રહ્યા છે. સ્થિતિ એવી છે કે, કેદારનાથની યાત્રાએ ગયેલી આશરે ૫,૦૦૦ ગાડીઓ સોનપ્રયાગ અને ગુપ્તકાશીમાં ફસાઈ ગઈ છે. જે યાત્રીઓ કે પર્યટકો રેડ એલર્ટ જાહેર થયું તે પહેલા જ પહાડો તરફ યાત્રા કે પર્યટન સ્થળે પહોંચવા નીકળી ગયા છે તેમને ઋષિકેશ અને નરેંદનગરમાં જ રોકી દેવામાં આવ્યા છે અને પાછા જવા કહેવામાં આવ્યું છે. પ્રદેશ સરકારે તમામ જિલ્લાધિકારીઓને સતર્ક રહેવા માટેનો નિર્દેશ આપ્યો છે. સાથે જ એસડીઆરએફની ૨૯ ટીમોને અલગ અલગ જિલ્લાઓમાં મોકલી દેવામાં આવી છે. દેશના અનેક વિસ્તારોની સાથે ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવેલું છે. સમગ્ર રાજ્યમાં ભારે વરસાદની આશંકાને ધ્યાનમાં રાખીને સરકાર એલર્ટ મોડમાં આવી ગઈ છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી અયોધ્યાનો પ્રવાસ અધૂરો છોડીને ઉત્તરાખંડ પાછા આવી ગયા છે.

## ચીન પર નજર રાખવા ભારતીય સેનો ‘હેરોન’ ડ્રોનનો ઉપયોગ શરૂ કર્યા

નવી દિલ્હી,

ભારતીય સેનાને હવે આ ડ્રોન સુપરત કરી દેવામાં આવ્યા છે. સામાન્ય રીતે આ ડ્રોનનો ઉપયોગ આર્ટિલરીની મદદ માટે થતો હતો. તેની મદદથી દુશ્મન ક્યાં છે તે લોકેટ કરીને આર્ટિલરી ફાયરિંગ કરવામાં આવતુ હતુ. જોકે હવે આ ડ્રોન આર્મીને સુપરત કરવામાં આવ્યા છે. હેરોન ડ્રોન ૩૦૦૦૦ ફૂટની ઉંચાઈ સુધી ઉડી શકે અને તે સતત ૩૦ કલાક સુધી ઉડી શકે છે. આ ડ્રોન ૨૦૦ કિલોમીટર દુર સુધી નજર દોડાવી શકે છે. હેરોન ડ્રોન થકી ચીનની હરકત પર નજર રખાઈ રહી છે. આ ડ્રોન કોઈ પણ પ્રકારના હવામાનમાં લાઈવ ફીડ મોકલી શકે છે. જેના કારણે ભારતીય સેનાની ચીન પર નજર રાખવાની ક્ષમતા વધી છે.લદ્દાખ મોરચે ચીન સાથે ચાલી રહેલા ટેન્શન વચ્ચે હવે ભારતીય સેનાએ સરહદની સ્થિતિ પર નજર રાખવા માટે ઈઝરાયેલના ડ્રોન હેરોનનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

## નાસા હવે ચંદ્ર પર નેટવર્ક સ્થાપિત કરવાની તૈયારીઓ કરી રહ્યું છે

નવી દિલ્હી,

નેશનલ ડિજિટલ ઈક્લુઝન એલાયન્સના રિપોર્ટ અનુસાર, ક્લેવલેન્ડના લગભગ ૩૧ ટકા ઘરોમાં બ્રોડબેન્ડની સુવિધા નથી. અગાઉ સમાચાર એવા પણ આવ્યા હતા કે, નાસા ચંદ્ર પર પોતાનું આગામી ‘મૂન મિશનહ્વ શરૂ કરવા જઈ રહ્યું છે. આ મિશનનું લક્ષ્ય ચંદ્રની સપાટી પર કાયમી ક્રૂ સ્ટેશન બનાવવાનું છે. આ માટે ચંદ્ર પર અવકાશયાત્રી મોકલતા પહેલા એજન્સી ચંદ્રના ઠંડા, છાંયાદાર દક્ષિણ ધ્રુવ પર ગોલ્ફ-કોર્ટ-કદના રોબોટ લોન્ચ કરી રહી છે. આ રોવરનું નામ VIPER હશે એટલે કે વોલેટાઈલ્સ ઈન્વેસ્ટિગેટિંગ પોલર એક્સપ્લોરેશન રોવર હશે. આ રોવર ચંદ્રની સપાટી પર પાણીના સ્ત્રોતોની શોધમાં ૧૦૦ દિવસ પસાર કરશે. કહેવામાં આવી રહ્યું છે કે, ચંદ્રના દક્ષિણ ધ્રુવને લગતો આ પહેલો સર્વે હશે.આ માટે અમેરિકી સ્પેસ એજન્સી ચંદ્ર પર વાઈ-ફાઈ નેટવર્ક લગાવવાનો વિચાર કરી રહ્યું છે. તાજેતરમાં કરેલા અભ્યાસમાં આ વાત સામે આવી છે. તેનાથી અમેરિકાના કેટલાક ભાગોમાં ઈન્ટરનેટની અસુવિધા ઘટાડવાનો પ્રયત્ન કરશે અને ભવિષ્યના આર્ટેમિસ મિશનને ટેકો આપવાની કોશિશ કરવામાં આવશે. નાસાના ગ્લેન રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર મેરી લોબોએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે આર્ટેમિસ હેઠળ ચંદ્ર પર અવકાશયાત્રીઓને મોકલવાના પડકારો અને આપણા સમાજમાં વધતી સમસ્યાઓના ઉકેલ શોધવાનો આ એક સારો મોકો છે. આર્ટેમિસ પ્રોગ્રામનું મિશન ૧૯૭૨ પછી પ્રથમ વખત મનુષ્યને ચંદ્ર પર મોકલવાનું છે. ૨૦૨૧માં ચંદ્ર પર માનવરહિત મિશન લોન્ચ કરવાની, ૨૦૨૩માં ચંદ્રની નજીક ક્રૂ મોકલવાની અને ૨૦૨૪માં એક માણસને ચંદ્ર પર ઉતારવાનું મિશન છે. નાસાની કંપાસ લેબ દ્વારા વાઈ-ફાઈ પ્રોગ્રામ પર તાજેતરમાં જ એક અભ્યાસ કરવામાં આવ્યો છે. ઈનસાઈડર સાથે વાત કરતા કંપાસ લેબના સ્ટીવ ઓલસને જણાવ્યું હતું કે, આ અભ્યાસ મહત્વપૂર્ણ છે કારણ કે આર્ટેમિસ બેઝકેમ્પ સાથે જોડાયેલા ક્રૂ, રોવર્સ, સાયન્સ અને માઈનિંગ સાધનોને પૃથ્વી સાથે સંપર્કમાં રહેવા માટે વધુ સારા કનેક્શનની જરૂર પડશે. તો બીજી તરફ વાઈફાઈ મામલે નાસાએ એક મીડિયા સાથેની વાતચીમાં જણાવ્યું હતું કે, ડિજિટલ અસમાનતા અને વધુ સારી ઈન્ટરનેટ સેવા સુધી પહોંચનો અભાવ એ સમગ્ર અમેરિકામાં ફેલાયેલી સામાજિક-આર્થિક ચિંતા છે. કોરોના મહામારી પછી સૌથી વધુ ખરાબ થઈ ગઈ છે.

## સોનામાં રોકાણ દિવાળી સુધીમાં સારું પરિણામ આપી શકે છે

નવી દિલ્હી,

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડની કિંમતો સતત વધી રહી છે. બ્રેન્ટ ક્રૂડ સતત ૮૩ ડોલર પ્રતિ બેરલની આસપાસ કારોબાર કરી રહ્યું છે. એજન્સીઓનું માનવું છે કે આગામી દિવસોમાં ક્રૂડ ૯૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. ક્રૂડની વધતી કિંમતોએ મોંઘવારીમાં વધાર્યો કર્યો છે, જેના કારણે સોના અને ચાંદીના ભાવમાં સુધારો થયો છે. બીજી બાજુ જ્યારે વૈશ્વિક ઈક્વિટીની વાત આવે છે ત્યારે બજારોનું મૂલ્યાંકન વધારે છે. વધુ સુધારાની આશંકા છે. વિવિધ દેશોના ડેટા દર્શાવે છે કે ફિઝિકલ ગોલ્ડની માંગ વધી છે. ચાંદીની ઔદ્યોગિક માંગ વધી રહી છે. બીજી બાજુ ચીનમાં વીજળીની કટોકટીના કારણે પુરવઠા અંગે પણ ચિંતા છે. આ તમામ પરિબળો સોના અને ચાંદી માટે સકારાત્મક છે.ઓક્ટોબર મહિનામાં સેફ હેવન નામના એસેટ ક્લાસ ગોલ્ડમાં રિકવરી જોવા મળી છે. સપ્ટેમ્બરના અંત સુધીમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૪૬ હજારથી નીચે ગયું હતું, જે હાલમાં MCX પર ૪૭હજાર રૂપિયાને પાર વેપાર કરી રહ્યું છે. ક્રૂડના વધતા ભાવ, ફુગાવો, ભૌતિક માંગ, વીજળીની કટોકટીમાંથી પુરવઠાની ચિંતા અને ઈક્વિટી માર્કેટનું ઊંચુંમૂલ્ય સોનાના ભાવને ટેકો આપી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે હાલમાં સોનાને ટેકો આપતા ઘણા પરિબળો છે. તેથી દિવાળી પહેલા, હવે સોનામાં રોકાણ કરવાનો યોગ્ય સમય છે. જો આમાં થોડો ઘટાડો થાય તો ટૂંકા ગાળા અને લાંબા ગાળા માટે પ્રવેશ લઈ શકાય છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી બારીયા તા. ખ. વે. સંઘ-૧
મુ. માર્કેટીંગયાર્ડ, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી બારીયા તા. ખ. વે. સંઘ-૨
મુ. માર્કેટીંગયાર્ડ, તા. ઘોઘંબા

### ઓન લાઈન ટેન્ડરીંગ
### જાહેર નિવિદા નં.૧૧, સને.૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માXમ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪ ૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાનોના કામોના રૂા.૧૩.૯૩ લાખ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http;/rnb.nprocure.com. વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન–૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ/એફ.ડી.આર કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

**ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૨૭/૧૦/૨૦૨૧ થી તા.૨૩/૧૧/૨૦૨૧ સમય : ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૨૪/૧૧/૨૦૨૧ । સમય : ૧૨.૦૦ કલાક |

કાર્યપાલક ઈજનેર
પંચાયત માXમ વિભાગ,
લુણાવાડા, જી.મહીસાગર

માહિતી/ગોધરા/૫૯૭/૨૦૨૧

### જોઈએ છે

આંબેડકર યુવક પ્રગતિ મંડળ ઉજડા સંચાલિત શ્રી સરસ્વતી કુમાર છાત્રાલય મોરવા રેણા માટે ગૃહપતિ-૧ ની જગ્યાની ભરતી કરનાર હોય જાહેરાત પ્રસિદ્ધ થયે અરજી દિન-૭માં ટપાલથી મોકલવાની રહેશે.

**ગૃહપતિ માટે લાયકાત ધોરણ-૧૨ પાસ**

પ્રમુખશ્રી સરસ્વતી કુમાર છાત્રાલય
મુ.પો. મોરવા રેણા, તા. શહેરા, જી. પંચમહાલ.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર ખાતે મહીસાગર જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા,
ભારતના આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી અંતર્ગત સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ભાવિ પેઢીને ભારતની આઝાદીના સંગ્રામમાં યોગદાન આપનાર આઝાદીના લડવૈયાઓએ આપેલ યોગદાનથી જાણકાર થાય તેમજ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ ઉજાગર થાય અને તેમને સ્વાતંત્ર્યવીરોના સાહસ, સંઘર્ષ, ત્યાગ અને બલિદાનની શૌર્ય કથાઓ જીવનમાં પ્રેરણા અને ઉર્જા પૂરી પાડે તેવા ઉમદા હેતુથી જીસીઈઆરટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા સંતરામપુર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહીસાગર જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ યોજાઇ ગયો. આ જિલ્લા કક્ષાના કલા ઉત્સવ અંતર્ગત ચાર સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કાવ્યગાન, વક્તૃત્વ, નિબંધ અને ચિત્રમાં તાલુકા કક્ષાએ પ્રથમ આવેલ ૬૪ વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓએ આ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહીસાગર જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં વક્તૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓમાં દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહીસાગર જિલ્લાના સ્વાતંત્ર્ય વીરોએ આપેલ યોગદાન, જ્યારે કાવ્ય ગાન સ્પર્ધામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્યો શૌર્ય ગીત વિષય આધારિત વિવિધ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ પોતાની કલાકૃતિઓ રજૂ કરી હતી. પ્રાથમિક, માધ્યમિક, વિવિધ વિભાગના બાળકોએ મહામૂલી આઝાદી મેળવવામાં સ્વાતંત્ર્યવીરોની શૌર્ય કથાને પોતાની રીતે વકતવ્ય, કાવ્યગાન, ચિત્ર તેમજ નિબંધ સ્વરૂપના માધ્યમથી રજૂ કરી ઉપસ્થિત સર્વેના મન મોહી લીધા હતા. આ સ્પર્ધામાં ભાગ લઇ રહેલ સ્પર્ધકોની કલાને નિર્ણાયકોએ પારખી સપર્ધકોની કૃતિઓનું મૂલ્યાંકન કર્યું હતું. સ્પર્ધાને અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમના વિજેતા સ્પર્ધકોને રોકડ પુરસ્કાર ટ્રોફી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા રહેલા વિદ્યાર્થીઓ આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર આ તમામ સ્પર્ધકોને ઉપસ્થિત સર્વેએ રાજય કક્ષાની સ્પર્ધામાં વિજેતા નીવડી જિલ્લાનું ગૌરવ વધારે તેવી શુભેચછાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સંતરામપુર ડાયટના પ્રાચાર્ય ડો. એ.વી.પટેલ, સ્પર્ધાના કન્વીનર કે.એસ.પટેલ સહિત ઉપસ્થિત નિર્ણાયકો, શિક્ષકોએ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. જયારે પ્રમાણપત્ર એનાયત કરી બાળકોને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

# કપડવંજનો હરિશસિહ જમ્મુમાં આતંકીઓ સાથે અથડામણમાં શહીદ

કપડવંજ,
ખેડા જિલ્લાના કપડવંજનું વણજારીયા ગામ ભલે ૨,૫૦૦ની વસ્તી વાળુ હોય. પરંતુ આ ગામના લોકો માતૃ ભુમી સાથે જોડાયેલા છે. જો વાત કરવામાં આવે રાધાભાઇ પરમારના પરિવારની તો અગાઉ તેમનો અન્ય દીકરો પણ આર્મીમાં ફરજ બજાવી ચૂક્યા છે. જેનું નામ છે રાજેન્દ્રસિંહ પરમાર. રાજેન્દ્રસિંહ વર્ષ ૨૦૧૧માં ઈન્ડિયન આર્મીમાં જોડાયા હતા. જેઓએ વર્ષ ૨૦૧૪ સુધી ઈન્ડિયન આર્મીના જુદા જુદા કેમ્પ પર ફરજ બજાવી હતી. રાજેન્દ્રસિંહ જણાવ્યું હતું કે અમે ૨૦૧૧માં ભરતી થયા બાદ જમ્મુ, હૈદરાબાદ, હિમાચલ જેવા અનેક પ્રદેશોમાં ફરજ બજાવી હતી. ૩ વર્ષ દરમિયાન ની સેવા દરમિયાન તેઓ એ ૨૨ જેટલા અલગ અલગ સ્થળ પર પોસ્ટીંગ મેળવ્યું હતું. પરંતુ કેટલાક પારિવારિક કારણોસર તેઓ નોકરી છોડી ઘરે પરત આવી ગયા હતા. જે બાદ વર્ષ ૨૦૧૬માં તેમના ભાઈ હરીશ સિહને ભારત માતાની સેવાનો મોકો મળતા તેઓ આર્મીમાં જોડાયા હતા.ખેડા જિલ્લાના વધુ એક જવાને મા ભોમની રક્ષા કાજે જીવ ગુમાવ્યો છે. કપડવંજના વણઝારિયા ગામના ૨૫ વર્ષીય જવાન જમ્મુમાં આતંકીઓ સાથે અથડામણમાં શહીદ થયા છે. જવાનની શહીદીના સમાચાર મળતા જ તાલુકાનું ૨૫૦૦ ની વસ્તી ધરાવતું વણઝારીયા ગામ શોકમગ્ન બન્યું છે. ગામના હરીશ સિંહ વાઘાભાઈ પરમાર નામના નવયુવાન આજે જમ્મુમાં શહીદ થયાના સમાચાર મળતા જ ગ્રામજનો તેમના ઘરે ઉમટી પડ્યા હતા. ખેડૂતના ઘરે જન્મેલા હરેશસિંહને નાનપણ થી જ આર્મીમાં જોડાવા નો શોખ હતો, જેઓને કોલેજના પ્રથમ વર્ષમાં જ આર્મીમાં નોકરી મળતા તેઓ અભ્યાસ છોડી દેશ સેવામાં જોડાઈ ગયા હતા. ૨૦૧૬માં હરીશસિંહ રાધાભાઈ પરમાર ઈન્ડિયન આર્મીમાં જોડાયા હતા. તે સમયે તેઓને આસામમાં પ્રથમ પોસ્ટિંગ મળ્યું હતું. ત્યાર બાદ તેઓ જમ્મુમાં ફરજ બજાવતા હતા. વણઝારીયા ગામમાં રહેતા રાધાભાઈ અમરાભાઈ પરમારને સંતાનોમાં બે પુત્રો છે. જેમાં હરીશસિંહ જે ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા હતા. જયારે બીજો પુત્ર સુનિલ પરમાર ઘરકામમાં પિતાને સાથ આપી રહ્યો છે. જમ્મુના પુંછ સેક્ટર માં આતંકીઓ સાથેની જૂથ અથડામણમાં જવાન શહીદ થતાં આખું ગામ, હરીશ પરમાર ના મિત્ર વર્તુળ તેમજ સગા સંબંધીઓ પણ શોક મગ્ન બન્યા છે. ૨૫૦૦ વસ્તી ધરાવતા વણઝારીયા ગામનો મા ભોમની રક્ષા સાથે નાતો છે. આ ગામમાં ૨૫૦૦ લોકો વસવાટ કરે છે જેમાંથી પાંચ નવયુવાન ભારતીય સૈન્યમાં ફરજ બજાવે છે. અને ૨૫ થી ૩૦ કરતા વધારે નવયુવાનો ભારતીય સૈન્યમાં જોડાવા માટે પ્રયત્નો પણ કરી રહ્યા છે. ત્યારે આ નાનકડા ગામના યુવાને માતૃભૂમિની રક્ષા કાજે શહીદ થતા ગામમાં ગમગીની છવાઈ હતી. શહીદ જવાન છેલ્લે મે મહિનામાં લગ્ન કરવા માટે વતન વણઝારીયા ખાતે આવ્યા હતા. તેઓને ધામધૂમ પૂર્વક લગ્ન કરવાની ઈચ્છા હતી, પરંતુ કોરોનાકાળને કારણે ગણતરીના મહેમાનો બોલાવાની સરકારી ગાઈડ હોય તેઓ પછી લગ્ન કરીશ તેમ કહી ૨ જૂનના રોજ નોકરી પર પરત ફર્યા હતા. પરંતુ કોને ખબર હતી, કે તે સમયે નોકરી પર જઈ રહેલ હરીશસિહ આ રીતે ઘરે પરત ફરશે. હરીશસિંહના પિતા રાધાભાઈ પરમાર સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, શનિવારે બપોરના ૧૨ વાગ્યાના અરસામાં જમ્મુથી ભારતીય સૈન્યના મેજરનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, હરીશસિંહ શહીદ થઈ ગયા છે. જે સાંભળતાં જ હું ભાંગી પડ્યો હતો. સાથે મને ગૌરવ પણ થયું છે કે મારા દીકરાએ મા ભોમની રક્ષા કાજે શહીદી વહોરી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

ભુજ,
દેશમાં સામાન્ય રીતે રાજસ્થાનમાંથી ચોમાસુ વિદાય લેતુ હોય છે. પરંતુ ચાલુ વર્ષે ૬ ઓક્ટોબરે દેશમાં ચોમાસાના વિદાયની શરૂઆત કચ્છ રાજસ્થાનના દક્ષિણી ભાગથી થઈ હતી. ભારતીય હવામાન ખાતાએ ૬ ઓક્ટોબરે જ દેશમાં ચોમાસાની વિદાયની જાહેરાત કચ્છ અને રાજસ્થાનથી થઈ હોવાની માહિતી જાહેર કરી હતીકચ્છ અને ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. કચ્છમાં સતત ત્રીજા વર્ષે સિઝનનો સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને આંબી ગયો હતો. ચોંકાવનારી વાત એ છે કે ઓગસ્ટના અંત સુધી કચ્છમાં માત્ર ૩૧ ટકા વરસાદ હતો ! ત્યારબાદ એકલા સપ્ટેમ્બરમાં જ સિઝનનો અધધ ૮૦ ટકા વરસાદ પડી જતા વરસાદનો નવો વિક્રમ નોંધાયો હતો. હવે ભારતીય હવામાન ખાતા દ્વારા સપ્ટેમ્બર માસના વરસાદના વિશ્લેષણમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. જેમાં સસ્ટેમ્બરમાં કચ્છમાં અધધ ૪૯૧ ટકા વધારે વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાના સબડિવિઝનની વાત કરવામાં આવે તો સમગ્ર ભારતમાં સપ્ટેમ્બરમાં સોથી વધુ કચ્છ-સૌરાષ્ટ્રમાં જ નોંધાયો છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં સપ્ટેમ્બરમાં દેશમાં હાઈએસ્ટ ૪૫૩ ટકાના તફાવત સાથે વધારે વરસાદ નોંધાયો હતો ! આ અંગે મળતી વિગતો મુજબ કચ્છમાં ચાલુ વર્ષે જૂનમાં એક અઠવાડિયા વહેલુ ચોમાસુ આવી ગયું હતું. જેના પગલે ચાલુ વર્ષે પણ સારા વરસાદની આશા હતી. પરંતુ ત્યારબાદ જૂલાઈ અને ઓગસ્ટમાં વરસાદ ખૂબ જ ઓછો નોંધાયો હતો. જૂલાઈ સુધી માત્ર ૩૦ ટકા વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ ઓગસ્ટમાં વરસાદ વરસવાની આશા પણ ઠગારી નિવડી હતી. કચ્છમાં આખો ઓગસ્ટ કોરો ગયો હતો ! જેના પગલે કચ્છમાં દુકાળના એંધાણ મળી રહ્યા હતા. પરંતુ ત્યારબાદ સપ્ટેમ્બરમાં જાણે ચમત્કાર થાય તેમ રેકોર્ડ બ્રેક વરસાદ વરસી ગયો હતો. ઓગસ્ટ સુધી કચ્છમાં માત્ર ૩૦ ટકા વરસાદ હતો. જ્યારે સપ્ટેમ્બરમાં ૮૦ ટકા વરસાદ વરસી ગયો હતો. જેના પગલે મોસમનો કુલ વરસાદ કચ્છમાં ૧૧૦ ટકા થઈ ગયો હતો. કચ્છમાં સપ્ટેમ્બરમાં ભાગ્યે જ આટલો વરસાદ વરસતો હોય છે. ભારતીય હવામાન વિભાગે પણ ચોંકાવનારા આંકડા રજૂ કર્યા છે. જેમાં સપ્ટેમ્બરમાં કચ્છમાં સામાન્ય રીતે ૫૨ મીમી વરસાદ વરસતો હોય છે. તેની સામે ૩૧૦ મીમી વરસાદ થયો હતો. તો કચ્છ-સૌરાષ્ટ્ર ડિવિઝનમાં ૪૫૩ ટકા વધારે વરસાદ નોંધાયો હતો. સામાન્ય રીતે આ વિસ્તારમાં સપ્ટેમ્બરમાં ૭૬ મીમી વસરાદ નોંધાતો હોય છે. તેની સામે જુદા-જુદા સેન્ટરો મળીને કુલ મળીને ૪૫૩ વરસાદ નોંધાયો હતો. ભાગ્યે જ સર્જાતી હોય તેવી ભૌગોલિક ઘટનાનું સાક્ષી ચાલુ વર્ષે કચ્છ બન્યું હતું. એકબાજુ છેક બંગાળની ખાડીમાંથી ઉદભેલો ગુલાબ વાવાઝોડુ દબાણ બનીને કચ્છ સુધી આવ્યું હતું. જેની અસર તળે વ્યાપક વરસાદ થયો હતો. ત્યારબાદ આ દબાણ કચ્છના અખાતમાં ફરી ચક્રવાતમાં પરિવર્તિ થયું હતું ! જે શાહીના નામે કચ્છના અખાતથી અરબી સમુદ્રમાં સફર કરી છેક ઓમાન સુધી પહોંચી ગયું હતું. જ્યાં આ વાવાઝોડાએ વ્યાપક તબાહી મચાવી હતી.

# રાસાયણિક ખાતરમાં ભાવ વધારાથી ખેડુતોને વધુ એક માર...!



સુરત,
પ્રધાનમંત્રી દ્વારા ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરવામાં આવી હતી.પરંતુ હાલ ની પરિસ્થિતિમાં ખેત પેદાશોના નહીં પરંતુ ખેતી માં ઉપયોગી સાધનો અને ચીજ વસ્તુઓના ભાવ ડબલ થઈ ગયા છે અને ખેડૂતો ની આવક ઓછી થઈ ગઈ છે. ખેડૂતો દ્વારા ખેતીમાં વપરાતા ટ્રેક્ટર,વોટર પંપ, બિયારણ,પેસ્ટીસાઇઝે જેવા સાધનો અને ચીજવસ્તુઓ ઉપર નો GST નાબૂદ કરવો જોઈએ જેથી ખેડૂતોને આર્થિક રીતે લાભ થઈ શકે.ખેતી માં વપરાતા NPK ખાતરના ભાવમાં રૂપિયા ૨૬૫ ,APK ખાતરમાં રૂપિયા ૨૬૫ , સરદાર APK ના ભાવમાં રૂપિયા ૧૨૫,સરદાર APS ના ભાવમાં રૂપિયા ૭૫,નર્મદા ફોસફેટના ભાવમાં રૂપિયા ૨૦૦,સલ્ફેટના ભાવમાં રૂપિયા ૪૦ તથા પોટાશ ના ભાવમાં રૂપિયા ૧૦૦ નો વધારો સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. બિયારણ અને પેસ્ટીસાઇઝના ભાવ માં પણ વધારો થયેલ છે.ખેતી કરવામાં ઉપયોગી ટ્રેક્ટર અને અન્ય સાધનોનાં ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે.એક બાજુ ખેતી સાથે સંબંધી તમામ વસ્તુઓ ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે અને બીજી બાજુ ખેડૂતોના ઉત્પાદિત શેરડી,ડાંગર,કપાસ, મગફળી સહિતના પેદાશોના ભાવ સતત ઘટતા જઈ રહ્યા છે. ત્યારે જિલ્લા પંચાયતના માજી વિપક્ષના નેતા અને સહકારી ખેડૂત આગેવાન દ્વારા આ મામલે રજૂઆતો કરવામાં આવી છે. સહકારી આગેવાન દર્શન નાયકે જણાવ્યું છે કે સરકાર દ્વારા ખેત ઉત્પાદના ટેકા ના ભાવ તો જાહેર કરવામાં આવે છે પરંતુ સરકાર દ્વારા ખેતીમાં ઉત્પાદિત પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતા નથી. છેલ્લા ત્રણ વર્ષમાં ડાંગર ના પ્રતિ કવીંટલે ૨૦૦ થી ૨૫૦ રૂપિયા ભાવ ખેડૂતો ને ઓછા મળ્યા છે જ્યારે જ્યારે વ્યાજનું ભારણ અને સબસિડી મળવામાં વિલંબ થવાના કારણે શેરડીમાં ૪૦૦ થી ૪૫૦ રૂપિયા પ્રતિ ટને ખેડૂતોને ભાવ ઓછા મળી રહ્યા છે. ખેતીમાં ઉપયોગી વસ્તુઓના ભાવમાં સતત વધારો અને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો ખેડૂતોને નહીં મળવાના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. ગુજરાત સરકાર દ્વારા શેરડી ઉપર ૨% વેચાણ વેરો(GST) લેવામાં આવે છે.ભારતના અન્ય કોઈ પણ રાજ્યમાં સદર ૨% વેચાણ વેરો (GST)વસુલ કરવામાં આવતો નથી.આ વેચાણ વેરા (GST)નું ભારણ પણ ખેડુતો ઉપર પડી રહ્યું છે. જેની સીધી અસર ખેડૂતો ઉપર પડી રહી છે.ખેડૂતોના હિતને ધ્યાને રાખી ગુજરાત સરકારે તત્કાલ શેરડી વેચાણ ઉપર લેવામાં આવતો ૨% વેચાણ વેરો (GST)નાબૂદ કરવો જોઈએ. ગુજરાત સરકાર દ્વારા રાસાયણિક ખાતર ઉપર ૫% વેચાણ વેરો (GST)વસુલ કરવામાં આવી રહ્યો છે. સમગ્ર દેશમાં એક કે બે રાજ્યો સિવાય કોઈ પણ રાજ્ય સરકાર દ્વારા રસાયણિક ખાતર ઉપર વેચાણ વેરો વસુલ કરવામાં આવતો નથી. સરકારે આ બાબતે પણ ગંભીતા દાખવી ખાતર ઉપરનો ૫% વેચાણ વેરો (GST) નાબૂદ કરવો જોઈએ જેથી ખેડૂતોને રાહત અપાવી શકાય.

# હવે, મેસેજ મોકલ્યા બાદ તમને પેટ્રોલ અને ડીઝલની નવીનતમ કિંમત જાણી શકશા

અમદાવાદ,
પેટ્રોલ અને ડીઝલના ભાવમાં દરરોજ સવારે ૬ વાગ્યે ફેરફાર થાય છે. નવા દર સવારે ૬ વાગ્યાથી લાગુ પડે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એક્સાઈઝ ડ્યુટી, ડીલર કમિશન અને અન્ય ખર્ચ ઉમેર્યા પછી તેની કિંમત લગભગ બમણી થઈ જાય છે. વિદેશી મુદ્રા દરની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવના આધારે પેટ્રોલ અને ડીઝલના ભાવ બદલાય છે.આજે અમદાવાદમાં પેટ્રોલના રેટ ઉપર નજર કરીએતો અમદાવાદમાં પેટ્રોલ ૧૦૨.૫૫ રૂપિયાપ્રતિ લીટર જયારે ડીઝલ ૧૦૧.૯૨ રૂપિયા પ્રતિ લીટરની કિંમતે વેચાઈ રહ્યું છે. દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલનો દર ૧૦૫.૮૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે તો બીજી તરફ ડીઝલ ૯૪.૫૭ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે. મુંબઈમાં પેટ્રોલનો દર ઘટીને ૧૧૧.૭૭ પૈસા પ્રતિ લીટર થયો હતો. ડીઝલ ૧૦૨.૫૨ પૈસા પ્રતિ લિટર વેચાઈ રહ્યું છે. ગુજરાતમાં ગાંધીનગરમાં એક લીટર પેટ્રોલ ૧૦૨.૭૭ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે જયારે પેટ્રોલની કિંમત ૧૦૨.૧૪ રૂપિયા પ્રતિ લીટર છે. દેશમાં સૌથી મોંઘુ ઈંધણ રાજસ્થાન શ્રીગંગાનગર માંછે જ્યાં પેટ્રોલ ૧૧૭.૯૬ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૧૦૮.૭૫ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે. પેટ્રોલ-ડીઝલના છૂટક ભાવમાં દરરોજ સુધારો કરવામાં આવે છે અને તે પછી નવા ભાવ સવારે ૬ વાગ્યે બહાર પાડવામાં આવે છે. તમે ઘરે બેઠા SMS દ્વારા જ તમારા નજીકના પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલની કિંમત જાણી શકો છો. ઈન્ડિયન ઓઈલ ગ્રાહકો RSP સાથે સિટી કોડ દાખલ કરીને તેમના મોબાઈલ પરથી ૯૨૨૪૯૯૨૨૪૯ પર સંદેશ મોકલો. તમને ઈન્ડિયન ઓઈલ (IOCL) ની સત્તાવાર વેબસાઈટ પર સિટી કોડ મળશે. મેસેજ મોકલ્યા બાદ તમને પેટ્રોલ અને ડીઝલની નવીનતમ કિંમત મોકલવામાં આવશે. એ જ રીતે બીપીસીએલ(BPCL) ગ્રાહકો તેમના મોબાઈલ પરથી આરએસપી લખીને ૯૨૨૩૧૧૨૨૨૨ પર એસએમએસ મોકલી શકે છે. HPCL ના ગ્રાહકો HPPrice અને ૯૨૨૨૨૦૧૧૨૨ લખીને SMS મોકલી શકે છે. છૂટક ઈંધણના ભાવ નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. એ શહેરોની સંખ્યા સતત વધી રહી છે જ્યાં પેટ્રોલ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરથી વધુ કિંમતે વેચાય છે.

# દેશની એરલાઈન્સને ચોક્કસ પ્રતિબંધો સાથે ફ્લાઈટ્સ ચલાવવાની મંજૂરી

નવી દિલ્હી,
કોરોના વાયરસ રોગચાળાને કારણે ભારતમાં આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઈટ્સ ૨૩ માર્ચ, ૨૦૨૦ થી સ્થગિત કરવામાં આવી છે. જો કે, ભારતે "એર બબલ" વ્યવસ્થા હેઠળ લગભગ ૨૮ દેશો સાથે વિશેષ ફ્લાઈટ્સને મંજૂરી અપાઈ છે. એર બબલ વ્યવસ્થા હેઠળ એક દેશની એરલાઈન્સને ચોક્કસ પ્રતિબંધો સાથે બીજાના પ્રદેશમાં મર્યાદિત આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઈટ્સ ચલાવવાની મંજૂરી છે. દેશમાં એરલાઈન્સ આજે ૧૮ ઓક્ટોબરથી કોઈપણ ક્ષમતાના પ્રતિબંધ વિના ઘરેલું ફ્લાઈટ્સ ચલાવી શકશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ગયા અઠવાડિયે આ અંગેની જાહેરાત કરી હતી. મંત્રાલયે ૧૮ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજથી નિર્ધારિત ડોમેસ્ટિક એર ઓપરેશન્સને કોઈપણ ક્ષમતાના પ્રતિબંધ વગર ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. હવાઈ મુસાફરી માટે મુસાફરોની માંગને ધ્યાનમાં રાખીને મંત્રાલયે આ નિર્ણય લીધો છે. મંત્રાલયના આદેશ અનુસાર એરલાઈન્સ ૧૮ સપ્ટેમ્બરથી તેમની ૮૫ ટકા ક્ષમતાથી ડોમેસ્ટિક સેવાઓ ચલાવી રહી છે. એરલાઈન્સ કંપનીઓ ૧૨ ઓગસ્ટ અને ૧૮ સપ્ટેમ્બર વચ્ચે તેમની સ્થાનિક ફ્લાઈટ્સના ૭૨.૫ ટકા ઓપરેટ કરી રહી હતી. ૫ જુલાઈથી ૧૨ ઓગસ્ટની વચ્ચે મર્યાદા ૬૫ ટકા હતી. ૧ જૂન અને ૫ જુલાઈ વચ્ચે મર્યાદા ૫૦ ટકા હતી. ભારતીય એરલાઈન્સ ફ્લાઈટ ૨,૩૪૦ ઓપરેટ કરતી હતી. ૯ ઓક્ટોબરે સ્થાનિક ફ્લાઈટ્સ તેમની કુલ કોવિડ પૂર્વ ક્ષમતાના ૭૧.૫ ટકા હિસ્સો ધરાવે છે. કોવિડ -૧૯ પ્રોટોકોલનું કડક પાલન કરવા ઉપરાંત કેટલાક અન્ય પ્રતિબંધો જેમ કે લઘુત્તમ અને મહત્તમ ભાડા મર્યાદાઓ સ્થાનિક ફ્લાઈટ્સ પર લાગુ થશે. આ ઉપરાંત ૨ કલાકથી ઓછા મુસાફરીના સમયમાં ભોજન પીરસવામાં અથવા વેચવામાં આવશે નહીં. બીજી કોવિડ લહેરની શરૂઆતથી ૨ કલાકથી ઓછા સમયગાળાની સ્થાનિક ફ્લાઈટ્સમાં ફૂડ સર્વિસ અને વેચાણની મંજૂરી નથી. કોરોના વાયરસને કારણે ગયા વર્ષે લગભગ બે મહિના સુધી હવાઈ સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. સરકારે બે મહિનાના અંતરાલ સાથે ૨૫ મે, ૨૦૨૦ ના રોજ નિર્ધારિત ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ફરી શરૂ કરી હતી. તે સમયે, મંત્રાલયે એરલાઈન્સને પ્રિ કોવિડ -૧૯ સ્તર પર તેની ૩૩ ટકાથી વધુ સ્થાનિક સેવાઓ ચલાવવાની મંજૂરી આપી ન હતી. ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં તેને ધીમે ધીમે વધારીને ૮૦ ટકા કરવામાં આવી. ૧ જૂન સુધીમાં મર્યાદા ૮૦ ટકા યથાવત રહી હતી. મંત્રાલયે કહ્યું હતું કે દેશભરમાં કોવિડ -૧૯ કેસોની સંખ્યામાં અચાનક વધારો અને મુસાફરોની સંખ્યામાં ઘટાડો જોતા એક જૂનથી મહત્તમ મર્યાદા ૮૦ થી ૫૦ ટકા સુધી લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## આજનું રાશી ભવિષ્ય
## તા.૧૯/૧૦/૨૦૨૧

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઇ રહેશે,સ્નેહીજનોના સંપર્કથી સારી હૂંફ મળશે, વ્યવસાયના કામમાં વૃદ્ધિ થશે ,પરિવારના સુખમાં વધારો થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સહકારી સરકારી કામમા સફળતા મળશે ,નવા કરેલા કાર્યો ફળદાઈ બનશે,નોકરી બાબતે સારા સમાચાર મળશે,ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે,સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે,ઈષ્ટમીત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : જીદ્દી સ્વભાવના કારણે માનસિક ચિંતા જણાશે ,આર્થિક બાબતોમાં સારો સુધારો જણાશે,સેવાકિય પ્રવૃતિથી મન પ્રસન્ન જણાશે ,વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : દાંપત્યજીવનમાં અણબનાવોથી તકલીફ જણાશે ,સંતાનોને માટે નવુ કરવાની ઉત્તમ તક મળશે,શુભ કાર્યોમાં સફળતા મળશે,નોકરીમાં બઢતીની તકો મળશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાકિયકામકાજમાં સફળતા મળશે,પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે,ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, ધંધામાં નવા સબંધોમાં નિરાશા જણાશે,નોકરીમાં નવી તકો મળશે,સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે, જુના સબંધો ખાસ સાચવી લેવા જરુરી છે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે,વ્યવસાયમાં સાધારણ ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : ભાગ્યબળથી અધુરા કામ પુરા થશે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે ,જવાબદારીવાળા કાર્યોમાં ગતી આવશે,મન પ્રસન્ન અને દિવસ આનંદમાં પસાર થશે .

મકર (ખ.જ.) : વાદવિવાદવાળા કામથી બચવુ ,આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે,ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે ,પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : ભાઈ ભાંડુના સહકારથી કામમાં સફળતા મળશે,નવા કામની ઓફર અને પૈસા કમાવવાની તક મળશે ,સંતાનો સાથે સમય વિતાવી શકશો ,પાડોશી સાથેના સબંધોમાં શાંતિ રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક તનાવ રહેવાની સંભાવના છે,કામમાં સાધારણ સફળતા મળશે ,પ્રતિસ્પર્ધિઓથી સાવધાન રહેવું ,નિરાશાથી દુર રહી ખર્ચ બાબતે સંભાળવુ.

# પંજાબ, હરિયાણા અને યુપીમાં ખેડુતોના રેલ રોકો આંદોલનના પગલે એલર્ટ

નવી દિલ્હી,
ખેડૂતોના સંગઠનોએ રવિવારે હરિયાણામાં રેલ રોકો આંદોલનને સફળ બનાવવા તૈયારીઓની સમીક્ષા કરી હતી. ભારતીય કિસાન યુનિયનના પ્રદેશ અધ્યક્ષ રતન માનએ કહ્યું કે આ માટે તમામ જિલ્લાઓમાં કામદારોની ફરજ લાદવામાં આવી છે. સાથે જ રાકેશ બેંસે કહ્યું કે રેલ રોકો આંદોલન માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી AuhT ૩ ઓક્ટોબરના રોજ લખીમપુર હિંસામાં ચાર ખેડૂતો સહિત આઠ લોકોના મોત થયા હતા. કેન્દ્ર સરકારમાં મંત્રી પરિષદમાંથી બરતરફ કરીને એસકેએમ શરૂઆતથી જ અજય મિશ્રા ટેનીની ધરપકડ કરવાની માંગ કરી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે તે સ્પષ્ટ છે કે આ મામલામાં ન્યાયની અપેક્ષા નથી જ્યારે અજય મિશ્રા મંત્રી પદ પર છે. સંયુક્ત કિસાન મોરચા (SKM) એ રવિવારે જાહેરાત કરી હતી કે તે ૧૮ ઓક્ટોબરે રેલ રોકો આંદોલન શરૂ કરશે, લખીમપુર હિંસા ના સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા ની બરતરફી અને ધરપકડની માંગણી સાથે રોકો આંદોલન કરશે. કેન્દ્રના ત્રણ કૃષિ કાયદાઓનો વિરોધ કરતા અનેક ખેડૂત સંગઠનોના સંયુક્ત મંચ SKM એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી લખીમપુર ખેરી કેસમાં ન્યાય નહીં મળે ત્યાં સુધી વિરોધ તીવ્ર બનશે. SKM એ કહ્યું કે રેલ રોકો વિરોધ દરમિયાન સોમવારે સવારે ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી તમામ માર્ગો પર છ કલાક માટે રેલ વ્યવહાર બંધ રહેશે. નિવેદનમાં જણાવાયું છે કે, સંયુક્ત કિસાન મોરચાએ ગૃહ રાજયમંત્રી અજય મિશ્રાની બરતરફી અને ધરપકડ કરવાની માંગણી સાથે આવતીકાલે દેશવ્યાપી રેલ રોકો કાર્યક્રમ જાહેર કર્યો છે, જેથી લખીમપુર ખેરી હત્યાકાંડમાં ન્યાય મળી શકે. મોરચાએ કહ્યું કે એસકેએમ તેના તમામ ઘટકોને ૧૮ ઓક્ટોબરે રાત્રે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી છ કલાક ટ્રેન બંધ રાખવા આહ્વાન કરે છે. એસકેએમ અપીલ કરે છે કે આ શાંતિપૂર્ણ રીતે અને રેલવેની સંપત્તિને કોઈ નુકસાન પહોંચાડ્યા વિના થવું જોઈએ. આંદોલનને કારણે યુપી-હરિયાણા-પંજાબમાં વહીવટ સૌથી વધુ એલર્ટ છે. યુપીના મેરઠ ઝોનના એડીજી, રાજીવ સભરવાલ મેરઠ અને આસપાસના, મેરઠ રેન્જના આઈજી પ્રવીણ કુમારને ગાઝિયાબાદ અને યુપી બોર્ડરની જવાબદારી સોંપવામાં આવી છે. તે જ સમયે, અન્ય જિલ્લાઓમાં પણ, પોલીસ વહીવટીતંત્રને ખાસ તકેદારી રાખવા કહેવામાં આવ્યું છે. ભકિયુના વિદાય લેતા જિલ્લા પ્રમુખ મનોજ ત્યાગીના જણાવ્યા અનુસાર, પરતપુર, મેરઠ કેન્ટ, કાંકરખેડા, મેરઠ સિટી રેલવે સ્ટેશન પર રેલ રોકો આંદોલન કરવામાં આવશે. આ સાથે જ જિલ્લા પ્રમુખ સાથે કામદારો કાંકરખેડા ફ્લાયઓવર નીચે રેલવે લાઈન પર ધરણા કરશે. દેશવ્યાપી રેલ રોકો અભિયાન અંતર્ગત મુઝફ્ફરનગર, ખતૌલી અને બુઢાના બ્લોક રેલવે સ્ટેશન અને શાહપુર બ્લોક, મન્સૂર રેલવે સ્ટેશન, રોહાના ખાતે રેલ રોકો કાર્યક્રમ યોજાશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા મામલતદાર ગેરકાયદેસર જમીન પચાવી પાડવાના કિસ્સામાં પિતા-પુત્ર વિરૂદ્ધ લેન્ડ ગેબીંગની ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં ફરી એકવાર લેન્ડ ગ્રેબીંગનો કિસ્સો સામે આવતાં જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જેમાં બે પિતા – પુત્રએ એકબીજાના મેળાપીપણામાં ફતેપુરા તાલુકા પંચાયત કચેરી પાસે આવેલ જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી જમીન પચાવી પાડી તેમજ જમીન ઉપર બાંધકામ કરી જમીન પચાવી પાડતાં આ અંગેની જાણ ફતેપુરા મામલતદારને થતાં ખુદ મામલતદાર દ્વારા પિતા–પુત્ર વિરૂધ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ફતેપુરાના ભુમાફીયાઓમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફતેપુરા નગર સહિત તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ભુમાફીયાઓ બેફામ બની રહ્યાં છે. સરકારી જમીનો સહિત લોકોની માલિકીની જમીનોમાં ભુમાફીયાઓ દ્વારા દાદાગીરી કરી તેમજ ધાકધમકીઓ આપી જમીનો પચાવી પાડવી અને જમીનો પર ગેરકાયદે કબજો કરી લેવાના બનાવો પણ ભુતકાળમાં પ્રકાશીત થયાં છે ત્યારે આ બનાવને પગલે ખુદ મામલતદાર દ્વારા ભુમાફીયાઓ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ આપતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વધુમાં જાણળા મળ્યાં અનુસાર, ફરીયાદ નોંધાવતાંની સાથેજ બંન્ને ભુમાફીયાઓ ગામમાંથી ફરાર થઈ ગયાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે પોલીસે આ સમગ્ર મામલે તલસ્પર્શી તપાસ હાથ ધરી છે અને બંન્ને જણાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદ જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગના કિસ્સો દિન પ્રતિદિન વધી રહ્યાં છે અને તેમાંય ખાસ કરીને દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં ભુમાફીયાઓ બેફામ બની રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે, અગાઉ થોડા સમય પહેલાં પણ કેટલાંક ભુમાફીયાઓ દ્વારા લોકોની જમીનોમાં ગેરકાયદે પ્રવેશ કરી, બાંધકામ કરી, ધાકધમકી આપી જમીનો પચાવી પાડવાના કિસ્સો સામે આવ્યાં હતાં. આ ઉપરાંત ભુમાફીયાઓ દ્વારા સરકારી જમીનોમાં પણ હવે પગ પેસારો કરી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. આવોજ એક કિસ્સો ફરી પ્રકાશમાં આવ્યો છે જેમાં ફતેપુરા તાલુકાના વલુન્ડા ગામે રહેતાં વસંતલાલ નાનાલાલ કલાલ તથા પંકજભાઈ વસંતલાલ કલાલ આ બંન્ને પિતા – પુત્ર દ્વારા ફતેપુરા તાલુકા પંચાયત કચેરીના મુખ્ય દરવાજા પાસે આવેલ રે.સ.નં. ૩૩૪ (જુનો ૧૩૫/૨/૧) તથા રેવન્યું નંબર ૩૩૪ (જુનો ૧૩૫/૨) વાળી ગામતળની જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી જમીન પચાવી પાડવા દબાણ કરી નાંખ્યું હતું અને જમીન ઉપર બીન અધિકૃત રીતે બાંધકામ પણ કરી નાંખ્યું હતું. બાંધકામ કરી જમીન પચાવી પાડતાં આ અંગની જાણ ફતેપુરા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ પ્રવિણભાઈ નારણભાઈ પરમારને થતાં તેઓ દ્વારા પિતા – પુત્ર વસંતલાલ નાનાલાલ કલાલ અને તેમનો પુત્ર પંકજભાઈ વસંતલાલ કલાલ વિરૂધ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે લેન્ડ ગ્રેબીંગની એક્ટ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત બંન્ને ઈસમોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# ગરબાડા ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા વિવિધ માંગણીને ધારાસભ્યને રજુઆત કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) દ્વારા ગરબાડાના મત વિસ્તારના ધારાસભ્યને લેખિત રજુઆત કરી પોતાની વિવિધ માંગણીઓ જેવી કે, ઈ–ગ્રામ વીસીઈના પડતર પ્રશ્નો અને માંગણીઆ બાબતે નિરાકરણ કરી નવું મહેકમ ઉભુ કરવા બાબત તેમજ ઈ–ગ્રામની પાલીસી રદ કરી સરકારી ધારા ધોરણ મુજબ પગાર ધોરણ લાગુ કરી રક્ષણ આપવા રજુઆત કરી હતી.

ગરબાડા તાલુકાના ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) દ્વારા લેખિતમાં કરવામાં આવેલ રજુઆતમાં જણાવ્યાં અનુસાર, સરકારના નિયમો મુજબ અમલવારી કરીને કર્મચારીઓને કાયમી કરવા, પગાર ધોરણ વધે તેમજ વીસીઈને કાયમી કર્મચારી કરીકે રક્ષણ આપવા, પંચાયત વિભાગ, મહેસુલ વિભાગ, કૃષિ વિભાગ, નાગરિક અને અન્ન પુરવઠા વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ચુંટણીની કામગીરી વિગેરે વિભાગોના કર્મચારીઓને વર્ગ – ૦૩નો દરજ્જો આપીને સરકારી કર્મચારી જાહેર કરવા, કર્મચારીઓને સીસીઈના લાભો આપવામાં આવે વિગેરે અનેક રજુઆત તેમજ પડતર પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિવારણ લાવવામાં આવે તેવી રજુઆત સાથે કર્મચારીઓએ ગરબાડાના મહિલા ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાને લેખિત રજુઆત કરી હતી.

# દાહોદ રેલ્વે સ્ટેશનની બોરડી વચ્ચે ટ્રેનની અડફેટે ૫૫ વર્ષીય વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ બોરડી અને દાહોદ રેલ્વે સ્ટેશન વચ્ચે રેલ્વે ટ્રેક પર એક ૫૫ વર્ષીય અજાણ્યા ઈમસ કોઈ ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મોત નીપજતાં રેલ્વે પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતકના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો છે.

આજરોજ બોરડી અને દાહોદ રેલ્વે સ્ટેશનની વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર એક અજાણ્યા આશરે ૫૫ વર્ષીય આધેડ ઈસમ કોઈ અપડાઉન ટ્રેનની અડફેટે આવી જતાં તેનું ઘટના સ્થળ પરજ મોત નીપજ્યું હતું. આ અંગેની જાણ રેલ્વે પોલીસના સત્તાધિશોને થતાં તેઓ તાબડતોડ ઘટના સ્થળે પહોંચી ગયાં હતાં. રેલ્વે પોલીસ દ્વારા અજાણ્યા ઈસમના વાલીવારસની પણ શોધખોળ આરંભ કરી છે અને આ મામલે દાહોદ રેલ્વે પોલીસે જરૂરી કાગળો કરી કાયદેસરની તપાસ પણ હાથ ધરી છે.

# સુખસરમાં આર્ટસ કોલેજનું ગુજરાત સરકારના દંડકના હસ્તે લોકાર્પણ કરાયું



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં ધો.૧૨ પછી કોલેજ માં પ્રવેશ માટે ગરીબ વિદ્યાર્થીઓને ફાફા મારવા પડતા હતા. જેથી ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા દ્વારા નવીન કોલેજ મંજુર કરાવાઈ હતી અને સોમવારના રોજ તેમના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં ૪૫ જેટલાં ગામડાઓ આવેલા છે. જેમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે ધો ૧૨ પછી કોલેજમાં પ્રવેશ માટે દુર સુધી તેમજ તાલુકા અને જિલ્લા બહાર જવું પડતું હતું. જેથી ફતેપુરાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના દંડક રમેશભાઈ કટારા દ્વારા નવીન કોલેજ માટે માંગણી કરી હતી. જેમા મંજુરી મળી ગઈ હતી અને સોમવારના રોજ જે.આર.કટારા આર્ટસ કોલેજનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્ય સરકારના દંડક રમેશભાઈ કટારાના હસ્તે ફળ વધેરીને રીબીન કાપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જય સીતારામ કેળવણી મંડળના મંત્રી ગાયત્રીબેન કટારા, પૂર્વ તાલુકા સભ્ય રમેશભાઈ કટારા, બી. એડ કોલેજના આચાર્ય, કોલેજના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદના ચાકલીયા રોડ ઉપર સોસાયટીના મકાન માંથી ૧.૬૮ લાખની ચોરી કરતાં તસ્કરો

દાહોદ,

દાહોદ શહેરના ચાકલીયા રોડ પર એક સોસાયટીમાં આવેલ મકાનમાં અજાણ્યા તસ્કરોએ પોતાનો કસબ અજમાવી મકાનમાં પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડા રૂપીયા તેમજ દાગીના મળી કુલ રૂા.૧,૬૮,૭૫૦ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં ચક્ચાર સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદ શહેરમાં ચાકલીયા રોડ ખાતે ગોકુલ સોસાયટીમાં રહેતાં વિનોદભાઈ મહીપાલસિંહ સિસોદીયાનું મકાન તારીખ ૧૨મી ઓક્ટોમ્બરથી તારીખ ૧૬મી ઓક્ટોમ્બર સુધી બંધ હતું. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મકાનમાં પ્રવેશ કર્યો હતો અને બેડરૂમમાં પ્રવેશ કરી મુકી રાખેલ તિજોરી દાગીના તથા રોકડા રૂપીયા ૩૨,૦૦૦ મળી કુલ રૂા.૧,૬૮,૭૫૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં આ સંબંધે વિનોદભાઈ મહીપાલસિંહ સિસોદીયાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદનો યુવક ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યો : ૧.૦૭ લાખની છેતરપિંડી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના નગરમાં ફરી એકવાર ઓનલાઈન છેતરપીંડીની ઘટના સામે આવી છે. જેમાં એક ૨૮ વર્ષીય યુવકને એક લીંકના ધારકે ટેક્સ મેસેજ તેમજ વોટ્સ મેસેજ કરી યુવકને પૈસા કમાવવા માટે લોભામણી જાહેરાત આપી ઓનલાઈન મારફતે તેમજ બેન્ક મારફતે કુલ રૂા.૧,૦૭,૦૦૧ની છેતરપીંડી કરતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે યુવકે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે. ઝાલોદ તાલુકાના મહુડી ગામે ભોરેજ ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય સમુભાઈ જીવનભાઈ કટારાને એખ લીંગના ધારકે સમુભાઈના મોબાઈલ ફોન પર ટેક્સ મેસેજ તેમજ વોટ્સએપ મેસેજ કરી એમેઝોનમાં કામ કરો છો અને કમીશન સાથે પૈસા કમાવો તેવી લાલચ આપી તારીખ ૦૨.૧૦.૨૦૨૧ થી તારીખ ૦૯.૧૦.૨૦૨૧ના સમયગાળા દરમ્યાન બે લીંકના ધારકે, એક વોટ્સ નંબરના ધારકે તેમજ વિગનેશ ચિંદમ્બરમ નામના બેન્ક એકાઉન્ટનો ધારક જે તમીનનાડુંનો રહેવાસી હોવાનું ફરિયાદમાં ઉલેખ કર્યો છે. આ ચારેય લોકોએ એકબીજાના મેળાપીપણામાં સમુભાઈ પાસેથી અલગ અલગ સમયગાળા દરમ્યાન ગુગલ પે મારફતે તેમજ બેન્ક ખાતામાં કુલ રૂા. ૧,૦૭,૦૦૧ પડાવી લઈ વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ સંબંધે સમુભાઈ જીવનભાઈ કટારાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પોલીસ દ્વારા ૭૦૦થી વધુ યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ વર્ગનો પ્રારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે યુવાનો માટે યોજાયેલા સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગનો આજે પોલીસ અધીક્ષક હિતેશ જોયસરે પ્રારંભ કરાવ્યો હતો. બે માસ સુધી ચાલનારા આ તાલીમ વર્ગમાં ૭૦૦થી વધુ યુવાનો ભાગ લઈ રહ્યા છે. દાહોદ જિલ્લા પોલીસ દ્વારા અત્યાર સુધીમાં ચાર જેટલા વર્ગો યોજવામાં આવ્યા છે અને તેમાં ચાર હજાર જેટલા યુવાનોએ લાભ લીધો છે.

તાલીમના પ્રારંભે યુવાનોને સંબોધન કરતા એસપી જોયસરે જણાવ્યું કે, કોઇ પણ લક્ષ્યને સખત મહેનતથી જ પ્રાપ્ત કરી શકાય છે. સ્પર્ધાત્મક પરીક્ષાને લક્ષ્ય બનાવી તમામ યુવાનો તેને લગતી બાબતોમાં સખત મહેનત કરે તે જરૂરી છે. ખાનગી સંસ્થાઓની સાપેક્ષે સરકારી નોકરીનું યુવાનોમાં આકર્ષણ વધુ છે. એક વખતની સારી મહેનતથી વ્યકિતગત વિકાસની સાથે પરિવારનું ભવિષ્ય પણ સુરક્ષિત બને છે.

તૈયારીની આડે આવનારા વિક્ષેપોને ઓળખી તેનાથી દૂર રહેવાની શીખ આપતા જોયસરે કહ્યું કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોએ મોબાઇલના વળગણથી દૂર રહેવું જોઇએ. મોબાઇલની પાછળ બિનજરૂરી સમયનો વ્યય થાય છે અને પરીક્ષામાંથી ધ્યાન પણ ભટકી જાય છે. એટલે, તૈયારી દરમિયાન જો મોબાઇલથી દૂર રહીએ તો સફળ થવાની શક્યતા વધી જાય છે. અતઃ સ્વયંશિસ્ત ખૂબ જ જરૂરી બની જાય છે.

તેમણે એમ પણ કહ્યું કે, આ તાલીમ વર્ગ બે માસ સુધી ચાલશે અને જો આવશ્યકતા જણાય તો એક માસ વધારવામાં આવશે. હાલના તબક્કે સવાર અને સાંજ એમ બે બેચને બેબે કલાક તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવશે. છાત્રોની ગ્રહણશકિતની અનુકૂળતા જોઇને જરૂર પડે તો ત્રણ કલાકનો એક તાસ કરવામાં આવશે. બહારથી આવતા છાત્રોને સમયની અનુકૂળતા કરી આપવામાં આવશે.

આ તાલીમ વર્ગના છાત્રોને પરીક્ષામાં ઉપયોગી નિવડે એવું સામાન્યજ્ઞાનને લગતું સાહિત્ય દાહોદ જિલ્લા માહિતી કચેરી દ્વારા આપવામાં આવ્યું છે.

ઉદ્દઘાટન સત્રના અંતે આભાર વિધિ નાયબ પોલીસ અધીક્ષક પરેશ સોલંકીએ કરી હતી. આ વેળાએ સબ ઈન્સ્પેક્ટર જે. સી. જાદવ સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા ફ.સિંગોરની દિકરી તાલુકા કક્ષાના કલાઉત્સવમાં કાવ્ગાનમાં પ્રથમ



દે.બારીઆ,

આઝાદી કા અમૃત અંતર્ગત દે.બારીઆ બી.આર.સી. ખાતે યોજાયો હતો. જેમાં બારીઆ ધર્મિષ્ઠાબેન રમેશભાઈ એ કાવ્યગાન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમના માર્ગદર્શક શિક્ષક શૈલેષભાઈ સોલંકીને તથા દિકરીને ગામ વતી શાળા પરિવાર વતી તથા સી.આર.સી. વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# ઝાલોદના કારઠ ગામે જાહેરમાં જુગાર રમતા ત્રણ જુગારીયા ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કારઠ ગામે ખુલ્લા ખેતરમાં જાહેરમાં તીન પત્તીનો પૈસા વડે હારજીતનો જુગાર રમતાં ત્રણ જુગારીઓને પોલીસે ઝડપી પાડી રોકડા રૂપીયા ૧૬,૭૬૦, બે મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૨૨,૨૬૦નો મુદ્દામાલ કબજે લઈ જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી ઓક્ટોમ્બરના રોજ ઝાલોદ તાલુકાના લીમડી પોલીસને મળેલ બાતમીના આધારે કારઠ ગામે પ્રાથમીક શાળાની પાછળ ઈંટોના ભઠ્ઠાના નજીક ખુલ્લા ખેતરમાં જાહેર તીન પત્તી વડે પૈસાથી હારજીતનો જુગાર રમતાં ઈન્દ્રજીતભાઈ વિઠ્ઠલભાઈ મેવાતીયા (રહે. કારઠ, મંદિર ફળિયુ, તા.ઝાલોદ, જિ. દાહોદ), રોનકભાઈ ભરતભાઈ બારીયા (રહે. રણીયાર સરકારી, તા. ઝાલોદ, જિ. દાહોદ) અને સુરેન્દ્રભાઈ ભુરાભાઈ નૈયા (રહે. કારઠ, મોમાઈ માતા મંદિર ફળિયું, તા. ઝાલોદ, જિ. દાહોદ) ને જુગાર રમતા ઝડપી પાડ્યાં હતાં. ત્રણેયની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૦,૭૬૦ તથા દાવ પરથી રોકડા રૂપીયા ૬૦૦૦ એમ કુલ મળી કુલ રૂા. ૧૬,૭૬૦ની રોકડ રકમ તેમજ બે મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૨,૨૬૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ લીમડી પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના ઝેરજીતગઢ પ્રા.શાળા ખાતે કલા મહોત્સવ ઉજવાયો



લીમખેડા,

લીમખેડા તાલુકાની ઝેરજીતગઢ પ્રા.શાળા ખાતે સી.આર.સી. કક્ષાનો કલા મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં ઝેરજીતગઢ કલસ્ટરની કુલ–૭ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્યગાન અને વકૃત્વ સ્પર્ધાઓ યોજવામાં આવી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને તથા વિજેતા થનાર બાળકોને સી.આર.સી.કો.ઓ. ઋષિભાઈ સલાણીયા દ્વારા પ્રોત્સાહક ઈનામો તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. કાર્યક્રમનું સફળ સંચાલન ઝેરજીતનગર મુખ્ય પ્રા.શાળાના મુ.શિ. રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.


# દાહોદ જીલ્લામાં બે અકસ્માતોના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતોના બનેલા બે બનાવોમાં બે જણાના મોત નીપજતાં તહેવાર ટાણે મૃતકના પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. જ્યારે માર્ગ અકસ્માતમાં અન્ય લોકોને પણ શરીરે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું પણ જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદ તાલુકાના દેવજીની સરસવાણી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૭મી ઓક્ટોમ્બરના રોજ એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતો હતો. આ દરમ્યાન ટ્રકના ચાલકે ઓચિંતી શોર્ટ બ્રેક મારતાં પાછળ આવી રહેલ એક ટાવેરા ફોર વ્હીલર ગાડી ટ્રકની પાછળ ધડાકાભેર અથડાઈ ટ્રકની પાછળ ઘુસી જતાં ટાવેરામાં સવાર પેસેન્જરો પૈકી ૨૧ વર્ષીય અજન્તાબેન અજયભાઈ વસૈયાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું જ્યારે અંદર સવાર અન્ય પેસેન્જરોને શરીરે, હાથે પગે ઈજાઓ થતાં ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. માર્ગ અકસ્માત સર્જી ટ્રકનો ચાલક પોતાના કબજાની ટ્રક સ્થળ પર મુકી નાસી જતાં આ સંબંધે ઝાલોદ તાલુકાના મુવાડા ગામે રાયણ ફળિયામાં રહેતાં બદિયાભાઈ સવસીંગભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના ધાણીખુંટ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૬મી ઓક્ટોમ્બરના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ મોટરસાઈકલ ચાલક પંકજભાઈને અડફેટમાં લેતાં પંકજભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયાં હતાં અને જેને પગતે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ફતેપુરા તાલુકાના નિંદકાપુર્વ ગામે ચાંદલી ફળિયામાં રહેતાં દેવજીભાઈ માવજીભાઈ માલે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જીજ્ઞા કપુરીયા (નિયતી)

પ્રેમના પ્રતિક તો આ સૃષ્ટિ પર ઘણા છે પણ પક્ષીઓમાં એક જ એવું પક્ષી છે જે છે હંસલાની જોડ. અહીં હું હંસને રાજા અને હંસલીને રાણીની ઉપમા આપું તો એમાં કાંઈ અતિશયોકિત નથી. બ્રહ્માજીએ અવિરત રૂપથી એમને નવાજ્યા છે.

હંસ પ્રેમ, સ્નેહ અને શૌર્યનું પ્રતિક છે. તેમને નીરક્ષીર વિવેક પણ કહેવાય છે જે માત્ર કવિની કલ્પના જ છે.

હંસલાની જોડ પર અનેક રચના, કવિતા, ગીત અને ગઝલ રચાયા છે. હંસ લેખકો અને કવિઓ માટે પૂજનીય છે કારણ એ કલમની દેવી સરસ્વતી માતાનું વાહન છે એટલે અમારા જેવા કલમના ઉપાસક માટે તો એનું મહત્વ અનેક ઘણું રહેવાનું જ.

હંસને વિધાતાએ રૂપ પણ અનુપમ આપ્યુ છે. પ્રેમના પ્રતિકસમા હંસને રંગ પણ શ્વેત આપ્યો. પ્રેમના પ્રતિક હંસ અને હંસલી હંમેશા જોડીમાં જ રહે છે અને પ્રેમનું પ્રતિક છે, એનું પ્રમાણ એમનાં આકારમાં જ છુપાયેલો છે. જયારે હંસ અને હંસલી મુખચુંબન કરે છે ત્યારે જે આકાર સર્જાય છે એ જ પ્રેમનું પ્રતિક છે. આથી વિશેષ પ્રમાણ બીજું શું આપું?

શ્વેત રંગધારી હંસ ઠંડા પ્રદેશમાં જ રહે છે. આપણાં ભારતમાં એ માનસરોવરમાં જોવાં મળે છે. હંસરાજાને લગતી અનેક માન્યતાઓ છે જેમાંથી એક છે કે એમનો ચારો હીરામાણેક અને સાચા મોતી છે, પણ આ આપણાં સાહિત્યકારોની કલ્પના માત્ર જ છે. છતાં આપણા શાસ્ત્રોમાં પણ આના ઉલ્લેખ જોવા મળે છે.

મનુષ્ય જયારે કોઈ પરમ સિધ્ધિનું કાર્ય કરે છે તો એને પરમહંસની પદવી આપવામાં આવે છે. હંસ હંસલીનાં પ્રેમનો પ્રભાવ માનવી પર સવિશેષ જોવા મળે છે. એમના આ અમર–પ્રેમના પ્રભાવનું ઉદાહરણ હું અહીં જરૂર આપીશ, એકવાર હું મારા ડોક્ટર પાસે દવા લેવા ગઈ.ત્યારે એક પ્રેમીજોડુ મારી સામે બેઠું હતું બન્ને ચિંતિત હતાં. છોકરી છોકરાના કંધા પર માથું રાખીને રડતી હતી અને પોતાને છોડીને બીજી કોઈનો હાથ થામવા છોકરાને વિનવી રહી હતી! કુતુહલવશ થઈ એમને મેં પુછ્યું તો છોકરો કહે, ‘‘મારી આ પ્રિયાને ટીબી થયો છે અમારી સગાઈ થઈ ગઈ છે અમારા લવ મેરેજ થવાના છે. પણ આ બિમારીએ મારી પ્રિયાને અંદરથી તોડી નાંખી છે અને એટલે એને છોડીને બીજા કોઈને અપનાવીને જીવનમાં આગળ વધવા માટે મને કહી રહી છે. હું એને છોડીને જઈશ તો પણ કયાં? કારણ તે મારા હરેક શ્વાસમાં એ વસેલી છે જો શ્વાસ જ નહીં રહે તો હું જીવીશ કેમ?’’ આ સાંભળીને મારૂં હદય પણ દ્રવિ ઉઠયું, મને થયું અરેરે! કુદરતનો આ તે કેવો કહેર. એમની આ વાત સાંભળીને મને હંસ અને હંસલીની યાદ આવી ગઈ. એમનાં પ્રેમની તડપ મેં બન્નેની આંખોમાં જોઈ હતી.

મિત્રો કહેવાનો તાત્પર્ય એ છે કે જીવનમાં સાચો પ્રેમ આવે તો સમાજનો ડર ન રાખતાં ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ એકબીજાના હંસ અને હંસલી બનજો......

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.49

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરાના સદનપુર ગામ ૧ માસની બાળકી મૂકી મહિલા પિયર ચાલી જતાં

# પિતા-બાળકીને આંટા મારતો જોઈ પોલીસે તપાસ કરી માનવતાના ધોરણે પિયર ગયેલ માતાને શોધી બાળકી સોંપી

શહેરા,

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના સદનપુર ગામની મહિલા ઘરકંકાસના કારણે ૧ માસની બાળકી મૂકીને જતી રહી હતી. મહિલાનો પતિ નાની બાળકીને લઈને ફરતો હોવાનુ પોલીસને ધ્યાનમાં આવતા પોલીસે બાળકી સાથે તેના પિતાને પોલીસ મથક લાવી હતી. અને બાળકીની માતાને શોધીને કાઉન્સલિંગ કરીને તેને સોંપી હતીઅને પોલીસે માનવતા ભર્યુ કામ કર્યુ હતુ.

મળતી વિગતો અનુસાર શહેરા પોલીસ સ્ટેશનની આજુ બાજુ નાનું બાળક હાથમાં એક માણસ આટાફેરા મારતો સી.સી.ટીવી કેમેરામાં દેખાતા પોલીસ મથકે લાવી હતી.ઈસમની પુછપરછ કરતા ગણપતભાઈ લક્ષમણભાઈ પગી રહે. સદનપુર તા. શહેરા નાનો હોવાનું જણાવ્યુ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

અને તેણે તેડી રાખેલ બાળક જે સતત રડતું હોય તે અંગે પુછતા તે પોતાની બાળકી નામે નિતલ ઉંમર ૧ માસ ૧૦ દિવસ ની હોવાનું જણાવ્યુ હતું અને પત્ની સાથેના ઘરકંકાસ ના કારણે બાળકી ની માતા બાળકીને મુકી તેના પિયરમાં જતી રહેલ છે.તેવુ તપાસમા બહાર આવ્યુ હતું.

ભુખના કારણે બાળક રડે છે અને બાળકીની માતાનું પિયર નાંદરવા તા. શહેરા ખાતે હોવાનું જણાવ્યુ હતું. જેથી ફુલ જેવી કુમળી બાળકીની નાજુક શરીર સ્થિતી જોઈ બાળકીની દયનીય સ્થિતી જોઈ સંવેદનશીલતા દાખવી એન.આર.ચૌધરી પોલીસ ઈન્સપેકટર શહેરા પોલીસ સ્ટેશન નાઓએ નાજુક બાળકીની કાળજીપુર્વક સમયસુચકતા વાપરી તાત્કાલીક પોલીસ માણસો તથા મહીલા પોલીસ કર્મચારી બોલાવી બાળકીને સદર ઈસમ પાસેથી તાત્કાલીક લઈ માતૃસભર પ્રેમ આપી. નાંદરવા આ.પો.ના ઈન્ચાર્જ મારફતે બાળકીની માતાની તાત્કાલીક શોધખોળ કરાવેલ અને શોધખોળ દરમ્યાન જ પોલીસ મથકેથી સદર બાળકીને લઈ મહીલા કર્મચારી તેમજ અન્ય પોલીસ માણસો મારફતે સરકારી વાહન નાંદરવા રવાના કરેલ અને આ.પો. ઈન્ચાર્જ સાથે સતત સંકલનમાં રહી તાત્કાલીક બાળકીની માતાને શોધી કાઢી બાળકીને હેમખેમ તેની માતાને સુપ્રત કરી માનવતાનું ઉમદાકાર્ય કરવામાં આવ્યુ હતું. આમ પો.ઈન્સ અને સ્ટાફ દવારા સમય સુચકતા વાપરી ફુલ જેવી કોમળ બાળકીને સંભવીત જોખમોથી બચાવી માતા સાથેનું સુમેળ ભર્યુ મિલન કરાવ્યુ હતું અને બંને પતિ પત્નીનું ઘરકંકાસ બાબતે તેમજ બાળકોના ઉછેર બાબતે પણ જરૂરી કાઉન્સેલીંગ કરવામાં આવ્યુ હતું.

## ઘોઘંબા તાલુકામાં સંતાન પ્રાપ્તિના નામે ભુવાએ મહિલા સાથે શારીરિક અડપલા કરતાં ફરિયાદ : પોલીસે ઢોંગી ભુવાને ઝડપી પાડયો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના એક ગામમાં આધુનિક મેડીકલ સુવિધા વચ્ચે શિક્ષિત દંપતિ સંતાન પ્રાપ્તિ માટે ભુવાનો સહારો લીધો હતો. ભુવાએ સંતાન પ્રાપ્તિની વિધીના બહાને મહિલા સાથે શારીરિક અડપલા કરતાં ફરિયાદ ભુવાની રાજગઢ પોલીસે ધરપકડ કરી.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

વિસ્તૃત વિગતો પ્રમાણે આજના આધુનિક મેડીકલ પ્રશ્નમાં સંતાન પ્રાપ્તિ માટે ભુવા બડવાનો સહારો લેતા લોકો ઓછા થયા નથી. ઘોઘંબા તાલુકાના એક શિક્ષિત પરિવાર દંપતિના લગ્નના લાંબા સમયગાળા બાદ સંતાન પ્રાપ્તિ ન થતાં મેડીકલ સારવાર કરવાના સ્થાને ભુવા (બડવા)નો સંપર્ક કર્યો હતો. મહિલાને સંતાન પ્રાપ્તિ માટે ભુવા પાસે પતિ અને સસરાને લઈને ગયા હતા. ત્યારે ભુવાએ તાંત્રિક વિધિ કરવાના બહાને મહિલાને એકલી ખેતરમાં દુર લઈને ગયો હતો અને મહિલા સાથે શારીરિક અડપલા કર્યા હતા. તે સમયે પતિ અને સસરો આવી જતાં ભુવાએ ગાળો આપી હતી. આવા ઢોંગી ભુવા વિરૂદ્ધ રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઢોંગી ભુવાની ધરપકડ કરીને જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે.

### શહેરા તાલુકા પંચાયતમાં લાંચ કાંડમાં

## ACBના હાથે પકડાયેલ ચાર આરોપીઓનો રિમાન્ડ પુરા થતાં જયુડિશીયલ કસ્ટડીમાં મોકલાયા

શહેરા,

શહેરા તાલુકા પંચાયતના ટીડીઓ અને ત્રણ કર્મચારીઓની એસીબી એ લાંચ પ્રકરણમાં ઝડપી રિમાન્ડ મેળવ્યા હતા. આજરોજ ચાર આરોપીઓના રિમાન્ડ પુરા થતાં કોર્ટમાં રજુ કરતાં જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા.

શહેરા તાલુકા પંચાયત કચેરીના ટીડીઓ સહીતના ત્રણ કર્મચારીઓ દ્વારા મનરેગા યોજના અંતર્ગતના વિકાસના કામો કરતા કોન્ટ્રાકટરે રો મટીરીયલ પુરું પાડ્યું હતું. તાલુકા પંચાયત કચેરીમાં કોન્ટ્રાકટર બીલ મંજુર કરીને નાણાં છુટા કરવા માટે ગયા હતા. ત્યારે બીલ મંજુર કરવા માટે ૪.૪૫ લાખ રૂપીયાની લાંચ માંગણી કરી હતી. કોન્ટ્રાકટર લાંચ આપવા માંગતા ન હોય જેથી અમદાવાદ એસીબી દ્વારા છટકું ગોઠવીને બે કર્મચારીને બે લાખ રૂપીયાની લાંચ લેતા તેમજ એક કર્મચારીને ટીડીઓ વતી લાંચની હેતુલક્ષી વાત કરતા અને લાંચની ડિમાન્ડ મુદ્દે ટીડીઓની ધરપકડ કરાયેલા ટીડીઓ સહિતના ત્રણ કર્મચારીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવ્યા હતા. આજરોજ રિમાન્ડ પુરા થતાં કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા ચાર આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા.

## શહેરા નગર પાલિકા વિસ્તારના અભાવે ગંદકીથી પરેશાન થતાં નગરજનોની સમસ્યાને લઈ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારીને રજુઆત

શહેરા,

શહેરા નગર પાલિકા વિસ્તારમાં ગંદકી સ્વચ્છતાના અભાવે ઉભરાતી ગટરોને લઈ રોગચાળાનું પ્રમાણ વધુ છે. ત્યારે કોરોનાના કપરા સમયમાં નગરજનોની આરોગ્યને ધ્યાને લઈ ગંદકી અને સ્વચ્છતા ઉપર ધ્યાન આપવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દ્વારા શહેરા પ્રાંત અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી.

શહેરા નગર પાલિકા વિસ્તારો નિયમિત સફાઈ ન થવાના કારણે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. સ્વચ્છતાના અભાવે ગંદકી અને તેમાં પણ ગંદાપાણી થી ઉભરાતી ગટરોને લઈ નગરજનો પરેશાન થઈ રહ્યા છે. સ્વચ્છતાના અભાવે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ફેલાયો છે. શહેરા નગમાં ડેન્ગ્યુ, ચીકનગુનીયા, મેલેરીયા, તાવ જેવા રોગના ભોગ બની રહ્યા છે. કોરોના મહામારીનું રોગના ભોગ બની રહ્યા છે. કોરોના મહામારીનું સંકટ હજી ટળ્યું નથી. તેવા સમયે સ્વચ્છતાના અભાવે લોકોના આરોગ્ય જોખમાઈ રહ્યા છે. રોગચાળાના ભોગ બનેલ પરિવારો દર્દીની દવા સારવારને લઈ આર્થિક મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. ત્યારે શહેર નગર પાલિકા વિસ્તારમાં સાફ-સફાઈની કામગીરી રોજ થાય અને ગંદકી દુર કરવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અજીતસિંહ ભાટી દ્વારા શહેરા પ્રાંત અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના વિદ્યાર્થીઓ માટે "Lets Discuss Solar" વિષય પર કાર્યક્રમ યોજાયો

ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના મિકેનિકલ વિભાગના વિદ્યાર્થીઓ માટે GERMI, ગાંધીનગર ના ટેક્નિકલ ઓફિસર ગૌરવભાઈ પટેલનું "LET'S DISCUSS SOLAR" વિષય પર ઓનલાઈન સેશન યોજાયેલ હતું. જેમાં ૫૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ ભાગ અને ૬ જેટલા અધ્યાપકો એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન મિકેનિકલ વિભાગના સહાયક પ્રાધ્યાપક પ્રો. હાર્દિક શુક્લ એ કર્યું હતું. ગૌરવ પટેલે Solar PV, Solar Thermal system, Solar Energy Policy, Solar Energy generation Technologies, Market Opportunities in Solar system વિગેરે મુદ્દા ઓ પર વિશેષ ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં જયારે fossil fuels આધારિત પાવર પ્લાન્ટની સરખામણીમાં સોલાર પાવર પ્લાન્ટના ફાયદાઓ પણ સમજાવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ISHRAE અમદાવાદ ચેપ્ટરના સહયોગમાં થયું હતું. જેમાં અદિતિ શાહ, રાજેન્દ્રભાઈ મેવાડાનો પણ સહયોગ મળ્યો હતો. આ સેશનમાં વિદ્યાર્થીઓને ખુબ મજા આવી હતી. દીપ શેઠ, વેદાંત ચાવડા, એબેન વિલસન વિગેરે વિદ્યાર્થીઓએ નિષ્ણાંત સ્પીકર ગૌરવભાઈ પટેલ, પ્રો. હાર્દિક શુક્લનો આવા સરસ સોલર એનર્જીના પ્રોગ્રામના આયોજન બદલ આભાર માન્યો હતો. વર્તમાન સમયમાં વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતનો ઉપયોગ ખુબ મહત્વનો છે. કોઈપણ દેશનું અર્થતંત્ર પણ ઉર્જા ઉત્પાદન અને સ્ત્રોત આધારિત હોય છે. પ્રો.એન.જે. પરમાર, પ્રો. એ.વી.મહેતા, પ્રો. વી.આર. ભટ્ટ, પ્રો. અનંત શેઠનો પણ આયોજનમાં સહકાર મળ્યો હતો. પ્રો. હાર્દિક શુક્લ એ જણાવ્યું હતું કે, પ્રો. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થામાં ISHRAE સ્ટુડન્ટ ચેપ્ટર અંતર્ગત વિવિધ વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમો નિયમિત રીતે યોજાતા રહે છે.

## ગોધરાના નદીસર ગામે ચેકવોલ અને ચેકડેમના હલ્કી ગુણવત્તાનો હોવાનો આપ પાર્ટીનો આક્ષેપ


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,

નદીસર ગામે બનાવવામાં આવેલા ચેકવોલ અને ચેકડેમ હલકી ગુણવત્તાને મટીરીયલને કારણે તૂટી ગયો હોવાનો આક્ષેપ આમ આદમી પાર્ટી દ્વારા કરવામાં આવ્યો હતો.

પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકર દ્વારા નદીસર ગામે બનાવવામાં આવેલ ચેકવોલ અને ચેકડેમ હલકી ગુણવત્તાનો બનાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે, એક જ વર્ષમાં બનાવવામાં આવેલો આ ચેકડેમ ધોવાઈ જવા પામ્યો છે. ચેકડેમ બનાવવા માટે ખૂબ જ હલકી કક્ષાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે. જેને કારણે વધુ વરસાદ ન પડ્યો હોવા છતાં ચેકડેમ ધોવાઈ ગયો છે. કોન્ટ્રાકટર દ્વારા માત્ર દેખાવ પૂરતું કામ કરીને પૈસા કમાવવામાં આવ્યા છે. જેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## ધી ગોધરા અબેન કો.ઓ.બેંક. લી. ગોધરા "બેસ્ટ પર્ફોર્મન્સ બેસ્ટ મેનેજમેંટ" BANCO ૨૦૨૧નો એવોર્ડ થી સન્માનિત કરાયાં



ગોધરા,

ધી ગોધરા અર્બન કો.ઓપ. બેન્ક લી. ગોધરાને ૭૫ થી ૧૦૦ કરોડની થાપણો ધરાવતી કો.ઓપ.બેન્કમાં ભારતભરમાં બેસ્ટ પર્ફોર્મન્સ બેસ્ટ મેનેજમેંટ, BANCO ૨૦૨૧ નો એવોર્ડ થી સન્માનિત કરાયાં. મૈસુર ખાતે આદરણીય સાંસદ સભ્ય પ્રતાપસિંહજીના વરદ્દહસ્તે પ્રાપ્ત થયો. આ પ્રસંગે બેન્કના ચેરપર્સન તસ્નીમબેન પુનાવાલા અને ડો.યુસુફીભાઈએ ભવિષ્યમાં સંસ્થાને નવી પ્રગતિની ઉંચાઈ લઈ જવાની વાત કરી હતી. આજે ગુજરાતમાં ડીજીટાઈઝેશનમાં ધી ગોધરા અર્બન કો.ઓપ.બેન્ક લી. અગ્રેસર છે. આ પ્રસંગે ગ્રાહકોને વિવિધ ગ્રાહકલક્ષી સેવાઓ આપવામાં અને ગ્રાહકોના નાણાંની સુરક્ષાનું વચન આપ્યું હતું.

## ગોધરા રેલ્વે કવાર્ટસના ૧૧૦ના વરન્ડા માંથી ૩૫ વર્ષીય અજાણી મહિલાના મૃતદેહ મળી આવ્યો



ગોધરા,

ગોધરા શહેર રેલ્વે કવાર્ટસ માંથી અજાણી મહિલાના મૃતદેહ મળી આવ્યો. રેલ્વે પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા રેલ્વે સ્ટેશન સામે આવેલ હોય તે કવાર્ટસના વરન્ડા માંથી ૩૫ વર્ષીય મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક મહિલાના જમણા હાથે અંગ્રેજીમાં RD લખાણ લખેલ છે. રેલ્વે પોલીસ દ્વારા મૃતદેહનો કબ્જો મેળવીને પી.એમ.અર્થે મોકલી આપવામાં આવ્યો છે. આ બાબતે પોલીસે અકસ્માતે મોતના ગુનો નોંધી મૃતક મહિલાના વાલી વારસોની તપાસ કરવામાં પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

## દિવ્યાંગજનોના લાભાર્થે સાતેય તાલુકાઓમાં દિવ્યાંગ પ્રમાણપત્ર કેમ્પનું આયોજન

ગોધરા,

મુખ્ય જિલ્લા તબીબી અધિકારી, ગોધરાની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર પંચમહાલ જિલ્લાના શારીરિક ખોડખાંપણ- માનસિક રોગ ધરાવતા, નેત્ર હિનતા કે મૂક બધિરતા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને દિવ્યાંગ પ્રમાણપત્ર આપવા કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. તબક્કાવાર રીતે જિલ્લાના તમામ સાતેય તાલુકાઓમાં આ કેમ્પોનું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત તા. ૨૦ ઓક્ટોબર, બુધવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, હાલોલ ખાતે, તા. ૨૨ ઓક્ટોબર, શુક્રવારના રોજ જનરલ હોસ્પિટલ, ગોધરા ખાતે, તા. ૨૭ ઓક્ટોબર, બુધવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કાલોલ ખાતે, તા. ૨૯ ઓક્ટોબર, શુક્રવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ઘોઘંબા ખાતે, ૧૦ નવેમ્બર, બુધવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર-શહેરા ખાતે, તા.૧૨ નવેમ્બર, શુક્રવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર- જાંબુઘોડા ખાતે, ૧૭ નવેમ્બર, બુધવારના રોજ સામાન્ય આરોગ્ય કેન્દ્ર-મોરવા (હ) ખાતે યોજાશે. કેમ્પનો સમય સવારે ૧૦.૦૦ થી ૦૨.૦૦ કલાકનો રહેશે. પ્રમાણપત્ર મેળવવા માટે કેમ્પમાં આધાર કાર્ડની ૧ ઝેરોક્ષ, રેશનકાર્ડની ૧ ઝેરોક્ષ, પાસપોર્ટ સાઈઝના ૩ ફોટોઝ, ઓરિજનલ રેશનકાર્ડ સહિતના દસ્તાવેજો લાવવાના રહેશે. આ દિવસો સિવાય જિલ્લાની જનરલ હોસ્પિટલ, ગોધરા ખાતે દર બુધવારે તમામ પ્રકારના અપંગતાના પ્રમાણપત્ર આપવામાં આવે છે, તેમ આ યાદીમાં જણાવાયું છે.

## મધ્યાહન ભોજનમાં પ્લાસ્ટિકનાં નહીં પણ ફોર્ટિફાઈડ પ્રિમિક્સ ચોખા અપાય છે

ગોધરા,

ગુજરાતના તમામ જિલ્લાઓમાં મધ્યાહન ભોજન યોજના (એમડીએમ) અંતર્ગત ફોર્ટિફાઈડ ચોખાનો ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. ફોર્ટિફાઈડ ચોખામાં ફોલિક એસિડ, વિટામીન બી-૧૨, અને ફોલિક એસિડ (બી-૯) જેવા પોષક તત્વો હોવાથી બાળકોનાં ભોજનમાં તેનો ઉપયોગ કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ ધોરણ ૧ થી ૮ સુધીની પ્રાથમિક શાળામાં સમાવિષ્ટ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો પર મધ્યાહન ભોજનનો લાભ લેતા બાળકો, વાલીઓને સિક્યુરીટી એલાઉન્સના ભાગરૂપે ફોર્ટિફાઈડ રાઈસનું વિતરણ કરવામાં આવે છે. ફોર્ટિફાઈડ રાઈસમાં વિટામીન બી-૧૨ અને ફોલિક એસિડ (બી-૯) ઉમેરવામાં આવતું હોવાથી શાળામાં ભણતા બાળકોનાં સર્વાંગી વિકાસ થાય છે, કુપોષણ નિવારી શકાય છે તથા આ ચોખાનો આહારમાં ઉપયોગ કરવાથી બાળકોની રોગ પ્રતિકારક શકિત પણ વધે છે. ફોર્ટિફાઈડ રાઈસ ભારતના ફૂડ સેફ્ટિ સ્ટાન્ડર્ડસ ઓથોરિટીના ધોરણો અનુસાર આવશ્યક વિટામીન્સ અને ખનીજોથી સજ્જછે. ફોર્ટિફાઈડ રાઈસ બાળકોના સર્વાંગી વિકાસમાં બહુ ઉપયોગી થતા હોવાથી મધ્યાહન ભોજન યોજનામાં ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ લાભ લેતા બાળકો- વાલીઓને તેનો ઉપયોગ કરવા નાયબ કલેક્ટર મધ્યાહન ભોજન યોજના અમિતા પારગીએ એક અખબારીયાદીના માધ્યમથી અનુરોધ કર્યો છે.

## દાહોદ તાલુકાના જેકોટ ગામે અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ધૂમ્મસ જેવું વાતાવરણ સર્જાતા વાહન ચાલકોને હાલાકી સામનો કરવો પડ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના જેકોટ ની આજુબાજુ સવારના સમયે ધૂમ્મસ જેવુ વાતાવરણ સર્જાતા અમદાવાદ-ઈન્દોર હાઈવે પર વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો. વાહન ચાલકો દશમીટરના જોવાય એવી હાલત સર્જાઈ હતી. ધુમ્મસના કારણે અકસ્માત સર્જાવાનો ભયહોવાથી વાહન ચાલકો સવારના સમયે પણ વાહનોના લાઈટ ચાલુ રાખી નીકળતા જોવા મળ્યા હતા અને લોકોમાં એવું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ચર્ચાઈ રહ્યું હતું કે, આ ધૂમ્મસ પડે ત્યારે એના પછી વરસાદ આવતો નથી અને બેજીવી પશુઓ ને પણ આ ધુમ્મસ નુકસાન કરે છે. એવું ચર્ચાય રહ્યું હતું.

## લીમખેડાના જાદા ગામે ગ્રામ પંચાયત કચેરી માંથી ૪૨ હજારની મત્તાની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના જાદા ગામે ગ્રામ પંચાયત ઓફિસમાં તસ્કરોએ હાથફેરો કરી એલ.ઈ.ડી. ટીવી, વાયફાઈ, માઉસ મળી કુલ રૂા.૪૨,૧૦૦ની મત્તાની ચોરી કરી તેમજ ગ્રામ પંચાયત ઓફિસની જાળીની તોડફોડ કરી નુકસાન પહોંચાડતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. લીમખેડા તાલુકાના જાદા ગામે આવેલ ગ્રામ પંચાયત ઓફિસમાં ગત તા.૧૪મી ઓક્ટોમ્બરના રોજ રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા તસ્કરો ત્રાટક્યાં હતાં. તસ્કરોએ ગ્રામ પંચાયત ઓફિસનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઓફિસમાં મુકી રાખેલ એલ.ઈ.ડી. ટીવી, વાફાઈય, સીસીટીવી કેમેરાનું માઉસ વિગેરે મળી કુલ રૂા. ૪૨,૧૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરોએ જતાં જતાં ગ્રામ પંચાયતની ઓફિસની જાળીની તોડફોડ કરી તેમજ અન્ય ચીજવસ્તુઓની પણ ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જાદા ગામે રહેતાં ગૌતમકુમાર રમેશભાઈ રાઠોડે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.